RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 86* Date: 14.01.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## વિશ્વની સૌથી લાંબી રિવર ક્રૂઝ યાત્રા શરૂ

### હું આ ક્રૂઝ પર સવાર વિદેશી પ્રવાસી સાથીઓને કહીશ કે ભારત પાસે બધું જ છે: વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીને બે ભેટ આપી છે. પહેલી ભેટ ગંગા વિલાસ ક્રૂઝ અને બીજી ૫ સ્ટાર ટેન્ટસિટી. વડાપ્રધાને વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું છે. ગંગા વિલાસ ક્રૂઝ દુનિયાની સૌથી લાંબી રિવર ક્રૂઝ યાત્રા પર નીકળશે. આ દરમિયાન એ ૩૨૦૦ કિલોમીટરની સફર કરશે. એ વારાણસીથી આસામના ડિબ્રુગઢ સુધી જશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, 'હું આ ક્રૂઝ પર સવાર વિદેશી પ્રવાસી સાથીઓને કહીશ કે ભારત પાસે બધું જ છે. ભારતને શબ્દોમાં વ્યાખ્યાયિત કરી શકાતું નથી. ભારતને અનુભવી શકાય છે. આ ક્રૂઝ પ્રવાસ નવા અનુભવો લાવવા જઈ રહ્યો છે. 'ક્રૂઝમાં સવાર પ્રવાસીઓને ભારતનાં ધર્મ, કલા, સંસ્કૃતિ, પર્યાવરણ, નદીઓ અને સમૃદ્ધ ભોજનથી પરિચિત થવાની તક મળશે.' આ ક્રૂઝ જ્યાંથી પસાર થશે ત્યાં વિકાસની નવી લાઇન બનાવશે. શહેરો વચ્ચે લાંબી રિવર ક્રૂઝની યાત્રા ઉપરાંત અમે નાના ક્રૂઝને પણ પ્રોત્સાહન આપીશું. આ માટે દેશમાં તમામ પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. માતા ગંગાની ગોદમાં નવી ટેન્ટસિટી કાશી આવતા પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓને એક નવો અનુભવ આપશે.




'નદીના જળમાર્ગો હવે ભારતની નવી તાકાત બનશે. ગંગા વિલાસ ક્રૂઝની શરૂઆત કોઈ સામાન્ય વાત નથી. ૩૨૦૦ કિલોમીટરથી વધુની આ યાત્રા ભારતમાં આંતરદેશીય જળમાર્ગોના વિકાસનું ઉદાહરણ છે. ૨૦૧૪ પહેલાં ત્યાં કોઈ જળમાર્ગો નહોતા. દેશમાં એનો બહુ ઓછો ઉપયોગ હતો. ભારતમાં જળમાર્ગોનો પ્રાચીન ઈતિહાસ હતો. ૨૦૧૪ પછી અમે દેશની મુખ્ય નદીઓમાં જળમાર્ગોના વિકાસ માટે કાયદો બનાવ્યો. ૨૦૧૪માં ૫ રાષ્ટ્રીય જળમાર્ગો હતા. દેશમાં આજે ૨૪ રાજયમાં ૧૧૧ જળમાર્ગો વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. ×ગંગા આપણા માટે માત્ર એક જળપ્રવાહ નથી. એ ભારતની તપસ્યાની સાક્ષી છે. આનાથી વધુ કમનસીબી શું હોઈ શકે કે ગંગા કિનારે વિકાસને બદલે એ પછાત થઈ ગઈ. આ જ કારણ છે કે લાખો લોકોએ ગંગા કિનારેથી સ્થળાંતર કર્યું, તેથી જ અમે નમામિ ગંગે શરૂ કર્યું. 'બીજી તરફ, અર્થ ગંગા દ્વારા, ગંગાના કિનારે રાજ્યોમાં આર્થિક પ્રવૃત્તિઓ વધારવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ગંગા વિલાસ રિવર ક્રૂઝ ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ આસામ અને બાંગ્લાદેશની યાત્રા દ્વારા એક નવું પરિમાણ બનાવશે.'

ક્રૂઝનો રૂટ-ગંગા-ભાગીરથી-હુગલી રિવર સિસ્ટમ(નેશનલ વોટર વે ૧), કોલકાતાથી ધુબરી(ઈન્ડો બાંગ્લા પ્રોટોકોલ રૂટ) અને બ્રહ્મપુત્ર(નેશનવ વોટર વે ૨). રસ્તામાં ૨૭ નદીઓ પડે છે. ગંગા, ભાગીરથી, હુગલી, વિદ્યાવતી, માતલા, સુંદરવન રિવર સિસ્ટમ-૫, મેઘના, પદ્મા, જમુના અને બ્રહ્મપુત્ર જેવી ૨૭ નદી વચ્ચે આવે છે.આ ક્રૂઝ ૫ રાજય અને બાંગ્લાદેશમાંથી પસાર થશેઃ યુપી, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આસામ અને બાંગ્લાદેશ. વારાણસી, પટના, કોલકાતા, ઢાકા, ગુવાહાટી, ડિબ્રુગઢ સહિત ૫૦ મુખ્ય પ્રવાસન સ્થળોનો સમાવેશ થાય છે.

સુવિધાઓઃ ૧૮ સ્યૂટ્સ, રેસ્ટોરાં, બાર, સ્પા, સનડેક, જિમ. ૪૦ સીટ ધરાવતી રેસ્ટોરાંમાં કોન્ટિનેન્ટલ અને ભારતીય ફૂડ સાથે બુફે કાઉન્ટર છે. આઉટડોર બેઠકમાં સ્ટીમર ચેર અને કોફી ટેબલ સાથેનો બાર છે. બાથટબ, કન્વર્ટિબલ બેડ, ફ્રેન્ચ બાલ્કની, એલઈડી ટીવી, સેફ, સ્મોક એલાર્મ, લાઈફ વેસ્ટ અને સ્પ્રિંકલર સાથેના બાથરૂમ પણ છે.ખાસિયત-૬૨.૫ મીટર લાંબી અને ૧૨.૮ મીટર પહોળી, ૪૦ હજાર લિટરની ઈંધણની ટાંકી અને ૬૦ હજાર લિટરની પાણીની ટાંકી. અપ સ્ટ્રીમમાં ક્રૂઝની ઝડપ ૧૦થી ૧૨ કિમી પ્રતિ કલાક છે. ડાઉન સ્ટ્રીમમાં ક્રૂઝની ઝડપ ૧૫થી ૨૦ કિમી પ્રતિ કલાક છે.

કાશીમાં ગંગાના કિનારે ૩૦ હેક્ટરમાં ૨૬૫ ટેન્ટ લગાવીને પ્રવાસીઓ માટે લક્ઝરી ટેન્ટસિટી બનાવવામાં આવી છે, જેમાં રહીને તમે ૫ સ્ટાર હોટલની લક્ઝરી સુવિધાઓનો આનંદ માણી શકો છો. ઊગતા સૂર્યનો નજારો અને ગંગા આરતી, રમતો અને ઘોડેસવારી તમને સુકૂન આપશે.૧૫ જાન્યુઆરીથી અહીં પ્રવાસીઓ આવવાનું શરૂ થશે. ટેન્ટસિટીનો આ પ્રવાસન પ્રોજેક્ટ પાંચ વર્ષ માટે છે. દર વર્ષે પૂર દરમિયાન ટેન્ટસિટી થોડા મહિનાઓ માટે દૂર કરવામાં આવશે. ગંગાના જળસ્તર સામાન્ય થતાં જ ટેન્ટસિટી ફરી વસાવવામાં આવશે.

યોગ, સ્પા, લાઈબ્રેરી અને આર્ટ ગેલરીની સુવિધાઓનો આનંદ લેવા ઉપરાંત અહીં ઊંટ અને ઘોડેસવારી પણ કરી શકાશે. અહીં ૩૨ ફૂટ ઊંચો ગંગા ટાવર બનાવવામાં આવશે, જયાંથી પ્રવાસીઓ ઘાટનો અદભુત નજારો જોઈ શકશે. ગંગામાં પ્રવાસીઓના સુરક્ષિત સ્નાન માટે અહીં ફ્લોટિંગ બાથ જેટી બનાવવામાં આવી છે.

## ભાજપ પોતાની ભાષામાં સુધાર લાવે, શિખંડીની જેમ હુમલો ના કરે : અખિલેશ યાદવ

### અખિલેશ યાદવે ઉત્તરાખંડની જોશીમઠમાં જમીન ધસી પડવાની ઘટના પર પણ ચિંતા વ્યકત કરી

કન્નોજ,તા.૧૩

યુપીના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ભાજપ પર પ્રહારો કર્યા છે.તેમણે વિશ્વ હિન્દી દિવસ પર ભાજપ નેતાઓને પોતાની ભાષામાં સુધાર લાવવાની સલાહ આપી.અખિલેશે અહીં કહ્યું કે ભાજપે પોતાની ભાષામાં સુધાર લાવવો જોઈએ તેમણે શિખંડિઓની જેમ હુમલો ન કરવો જોઈએ સમાજમાં ભાઈચારાનું વાતાવરણ બનાવવું જોઈએ ગુલદસ્તાના રૂપમાં તમામ એક રહે તેવા પ્રયાસ થવો જોઈએ

એ યાદ રહે કે ટ્વિટર પર ભાજપ અને સપા નેતાઓ વચ્ચે તાજેતરમાં જુબાની જંગ થઇ હતી જે અત્યાર સુધી ચાલુ છે.તેના પર અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ નેતાઓને વિશ્વ હિન્દી દિવસ પર પોતાની ભાષામાં સુધાર લાવવો જોઈએ.ભાજપ યુવા મોરચાના નેતા ડો.ૠચા રાજપુતની ધરપકડને લઇ પુછવામાં આવેલા સવાલનો જવાબ આપતા યાદવે કહ્યું કે અમે કોઇ મહિલાની ધરપકડના પક્ષમાં નથી

એ યાદ રહે કે સપાના પ્રદેશ અધ્યક્ષ નરેશ ઉત્તમ પટેલની ફરિયાદ પર લખનૌના હજરતગંજ પોલીસ સ્ટેશનમાં ભારતીય જનતા યુવા મોરચાના ઉત્તરપ્રદેશ શાખાની સોશલ મીડિયા પ્રમુખ ૠચા રાજપુતની વિરૂધ્ધ મામલો દાખલ કરવામાં આવ્યો હતો પટેલે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે ડો ૠચા રાજપુતે પોતાના વેરીફાઇડ ટ્વિટર એકાઉન્ટથી મૈનપુરીથી સાંસદ અને સપા અધ્યક્ષની પત્ની ડિંપલ યાદવની વિરૂધ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરતા ટ્વીટ કર્યું છે.

આ પહેલા સપા મીડિયા સેલના મનીષ જગન અગ્રવાલે રાજપુતની ફરિયાદ બાદ સોશલ મીડિયા પર અપમાનજનક ટીપ્પણી કરવાના આરોપમાં ધરપકડ કરી હતી જેમને જામીન મળ્યા બાદ જીલ્લા કારાગાર લખનૌથી મુક્તિ થઇ ગયા અખિલેશ યાદવે ઉત્તરાખંડની જોશીમઠમાં જમીન ધસી પડવાની ઘટના પર પણ ચિંતા વ્યકત કરી હતી.યાદવે કહ્યું કે ઉત્તરાખંડના જોશીમઠમાં જે થઇ રહ્યું છે તે ચિંતાનો વિષય છે.ઈમારતોમાં તિરાડો પડી રહી છે અને જમીન ફાટી રહી છે તો સમજી લેવું જોઈએ કે કયાંકને કયાંક ઈસાને કેટલીક વસ્તુઓને નજરઅંદાજ કરી છે.જો વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોના વિચારને માનીશું નહીં તો આ રીતની ઘટનાઓ થતી રહેશે અખિલેશે કહ્યું કે સરકાર મામલામાં ગંભીરતાથી લે અને ત્યાંના લોકોની હરસંભવ મદદ કરે .

## રાજસ્થાન ભાજપમાં વિવાદ : કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જોધપુરમાં મુખ્યમંત્રીને પાણી પિવડાવી દીધુ : અલકા ગુર્જર

જયપુર,તા.૧૩

રાજસ્થાનમાં હાલના દિવસોમાં ભાજપમાં નેતૃત્વને લઇ ધમાસાન મચેલ છે.ભાજપના રાષ્ટ્રીય સચિવ અલકા ગુર્જરના નિવેદનથી હવે નવી હવા આપી દીધી છે.ગુર્જરે ટોંકના નિવાઇ જન આક્રોશ યાત્રાના સમાપન સમારોહમાં પહોંચ્યા હતાં આ દરમિયાન મંચથી મોટું નિવેદન આપી તેમણે રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા શરૂ થઇ ગઇ છે.કાર્યકર્તાઓને સંબોધિત કરતા ભાજપના રાષ્ટ્રીય સચિવે કહ્યું કે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જોધપુરમાં મુખ્યમંત્રીને પાણી પિવડાવી દીધુ છે. તેઓ મોટામાં મોટાને પાણી પિવડાવવાનું કામ કરે છે.

તેમણે કહ્યું કે હું આ કહેવા માંગુ છું કે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત રાજસ્થાનની જનતાને નેતૃત્વ પ્રદાન કરે અને આ ભ્રષ્ટ્રાચાર સરકારનો અંત કરે અલકા ગુર્જરે કહ્યું કે ગજેન્દ્ર સિંહ શેખાવતે જોધપુરમાં મુખ્યમંત્રી અશોક ગહલોતને પણ હરાવ્યા છે. તેઓ આ કામમાં નિષ્ણાંત છે તેમના આ નિવેદનથી રાજસ્થાનમાં એકવાર ફરી મુખ્યમંત્રીના ચહેરાને લઇ સનસનાટી મચી ગઇ છે.રાજનીતિક વર્તુળોમાં તેને અલગ અલગ મહત્વ રીતે કાઢવામાં આવી રહી છે.

દરમિયાન કાર્યક્રમની સમાપ્ત બાદ મીડિયા સાથે વાતચીત કરતા ગજેન્દ્રસિંહ શેખાવતે કહ્યું કે આવનારી ચુંટણી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરા પર લડવામાં આવશે પાર્ટીમાં આજ સુધી મને જે જવાબદારી આપી છે મેં તેને પુરી રીતે મહેનત કરી નિભાવી છે.આગળ પણ પાર્ટીના કાર્યકર્તા હોવાને કારણે પાર્ટીનું કામ કરતો રહીશ એ યાદ રહે કે ટોંક જીલ્લાની નિવાઇ વિધાનસભા વિસ્તારમાં ભાજપની આ જન આક્રોશ રેલીમાં સાંસદ સુખબીર સિંહ જૌનાપુરિયા અને માલપુરા બેઠકના ધારાસભ્ય કન્હૈયાલાલ ચૌધરી સહિત પાર્ટીના પ્રદેશ સ્તરીય અનેક પદાધિકારી હાજર રહ્યાં હતાં.

## હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા, બરફની સફેદ ચાદરથી ઢંકાયું કુલ્લુ-મનાલી

શિમલા,તા.૧૩

હિમાચલ પ્રદેશના કુલ્લુમાં અદભૂત હિમવર્ષા થઈ રહી છે. અહીં મલાણા ગામમાં વૃક્ષો અને પર્વતો બરફની ચાદરથી ઢંકાયેલા છે. અહીં તાપમાન -૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું છે અને સુંદર હિમવર્ષાને કારણે આખી ખીણ સફેદ થઈ ગઈ છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદની પણ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નારકંડામાં આજે હળવો વરસાદ પડી શકે છે અને તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે.

હવામાન વિભાગના અહેવાલ મુજબ હિમાચલ પ્રદેશમાં આગામી દિવસોમાં વધુ હિમવર્ષા થઈ શકે છે. શનિવારે અહીંનું તાપમાન ઘટીને -૫ ડિગ્રી સેલ્સિયસ અને રવિવારે -૬ ડિગ્રી સેલ્સિયસ થવાની ધારણા છે. એટલું જ નહીં, પવનની ઝડપ પણ વધશે અને આગામી બે દિવસ સુધી ૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

રિપોર્ટ્સ અનુસાર, ગુરુવારે કુલ્લી કોઠીમાં ૧૫ સેમી હિમવર્ષા થઈ હતી. બીજી તરફ હંસામાં ૧૦ સેમી, ગોંડલામાં ૫.૭ સેમી, કુસુમસેરીમાં ૬.૬ સેમી અને કીલોંગમાં ૩.૫ સેમી હિમવર્ષા નોંધાઈ છે. ખાદરાલા અને શિલારોમાં ૫ સેમી અને ૦.૨ સેમી હિમવર્ષા થઈ છે.

જો કે, પ્રવાસન સ્થળોના કેન્દ્રોમાં, મનાલીમાં ૧૭ મીમી, તિસ્સા ૧૨ મીમી, ટીન્ડર ૯ મીમી, વાંગતુ, રેકોંગપુય અને શિવબાગમાં ૮ મીમી, ખદ્રલામાં ૫ મીમી અને ભરમૌરમાં ૪ મીમી હિમવર્ષા નોંધાઈ છે.

હવામાન વિભાગે શુક્રવારે ઉચ્ચ ટેકરીઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ હિમવર્ષા અને મધ્ય ટેકરીઓમાં થોડા સ્થળોએ હળવો વરસાદ અથવા બરફ પડવાની આગાહી કરી છે. અહીં શનિવારથી બુધવાર સુધી હવામાન શુષ્ક રહી શકે છે.સોમવાર સુધી ઉના, હમીરપુર, બિલાસપુર, કાંગડા, સોલન, સિરમૌર અને મંડી જિલ્લાના નીચલા પહાડોમાં શીત લહેર અને ધુમ્મસની અપેક્ષા છે. રાજ્ય સરકારે કોઈપણ પ્રકારની હિમવર્ષા માટે વ્યવસ્થા કરી છે અને રાજધાનીને પાંચ સેક્ટરમાં વહેંચવામાં આવી છે. નોડલ અધિકારીઓને હિમવર્ષા પછીની પરિસ્થિતિ માટે આયોજન કરવા માટે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

## અસલી શિવસેના ઉદ્ધવ ઠાકરેવાળી જ,આશા છે કે ચુંટણી પંચ ન્યાય કરશે : સંજય રાઉત

મુંબઇ,તા.૧૩

રાજયસભા સાંસદ સંજય રાઉતે જણાવ્યું છે કે અસલી શિવસેના તે છે જેનું નેતૃત્વ ઉદ્ધવ ઠાકરે કરી રહ્યાં છે.તેમણે ચુંટણી પંચથી પાર્ટીને ન્યાય મળવાની આશા પણ વ્યકત કરી છે. શિવસેનાના બે જુથો પર પોત પોતાનો દાવો રજુ કર્યો છે જેની સુનાવણી ચુંટણી પંચ કરી રહી રહ્યું છે.બંન્ને જુથો ખુદને શિવસેના માનવાની ચુંટણી પંચ પાસે માંગ કરી રહ્યાં છે.

શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે જો કે હવે સ્વાયત્ત સંસ્થાનોમાં સ્વતંત્રતા અને સ્વાયત્તતા જોવામાં આવી રહી નથી આમ છતાં પણ તેમને ચુંટણી પંચ પર વિશ્વાસ છે.રાઉતે કહ્યું કે શિવસેના ફકત એક જ છે જેની સ્થાપના બાલાસાહેબ ઠાકરેએ કરી હતી અને જેનું નેતૃત્વ ઉદ્ધવ ઠાકરે કરી રહ્યાં છે પુરી શિવસેના તેમની સાથે છે.

તેમણે કહ્યું કે જયારે શિવસેનાનું ચુંટણી પ્રતિક પર જીત હાંસલ કરનારા નેતા પાર્ટી છોડી ચુકયા હોય તો તેને તુટ કહી શકાય નહીં તેમણે કહ્યું કે તે હારી જશે રાઉતે કહ્યું કે અમને ચુંટણી પંચ પર વિશ્વાસ છે કે જે એક સ્વાયત અને સ્વતંત્ર એકમ છે.અમારી પાસે ટી એન શેષન ( પૂર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર)નું એક ઉદાહરણ છે.જો કે હાલ આ સંસ્થાનોમાં સ્વતંત્રતા અને સ્વાયત્તતા જોવા મળી રહી નથી આ સંસ્થાનોમાં લોકોની નિયુક્તિ સરકાર દ્વારા કરવામાં આવે છે.અમને આશા છે કે અમને ન્યાય મળશે અને ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેનાને ન્યાય મળશે. મૂળ શિવસેનાના ૫૬ ધારાસભ્યોમાંથી ૩૯ ધારાસભ્યો અને મહારાષ્ટ્રના ૧૮ લોકસભાના સાંસદોમાંથી ૧૩ સભ્યોએ શિંદે જુથમાં સામેલ થઇ ગયા છે.

## નાસિકથી શિરડી જતી બસનો ટ્રક સાથે ભીષણ અકસ્માત

નાસિક,તા.૧૩

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં શુક્રવાર ૧૩ જાન્યુઆરીએ સવારે મોટી દૂર્ઘટના બની ગઈ. આ ભયાનક દૂર્ઘટનામાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા. અન્ય ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. નાસિક પોલીસના જણાવ્યા મુજબ આ દૂર્ઘટના નાસિક-શિરડી હાઈવે પર પથારે પાસે બની છે.

માહિતી મુજબ એક ખાનગી લક્ઝરી બસ સાંઈબાબાના ભક્તોને લઈને જઈ રહી હતી ત્યારે તે એક ટ્રક સાથે ટકરાઈ ગઈ. સાંઈબાબાના ભક્તોને લઈ જતી બસ શુક્રવારે સવારે નાસિક-શિરડી હાઈવે પર પથારે નજીક એક ટ્રક સાથે અથડાઈ હતી.

બસમાં ૫૦ જેટલા ભક્તો હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે બસ અને ટ્રક બંનેને ભારે નુકસાન થયુ હતુ. અકસ્માત બાદ ઘટનાસ્થળે હોબાળો મચી ગયો હતો. અકસ્માત અંગે સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. અકસ્માતની માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કાર્યમાં લાગી ગઈ હતી.

પોલીસે તમામ લોકોને બસમાંથી બહાર કાઢ્યા અને હોસ્પિટલમાં દાખલ કર્યા. ડૉક્ટરોએ ૧૦ લોકોને મૃત જાહેર કર્યા હતા.

વળી, આ અકસ્માતમાં અનેક મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમની સારવાર ચાલી રહી છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ નાસિક-શિરડી હાઈવે પર થયેલા અકસ્માત પર શોક વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાની આર્થિક સહાયની પણ જાહેરાત કરી છે. આ સિવાય મુખ્યમંત્રીએ આ ભયાનક માર્ગ અકસ્માતની તપાસના આદેશ પણ આપ્યા છે.

મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ઘાયલોને સરકારી ખર્ચે જરૂરી સારવાર આપવા સૂચના આપી છે. દૂર્ઘટનાના સમાચાર મળતાની સાથે જ મુખ્યમંત્રીએ ડિવિઝનલ કમિશનર અને નાસિકના જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી અકસ્માતની જાણકારી મેળવી હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે જ્યારે ૩૫ મુસાફરો ઘાયલ છે જેમાંથી ૬ ગંભીર રીતે ઘાયલ છે. એકનાથ શિંદેએ એ પણ નિર્દેશ આપ્યા કે ઘાયલોને તાત્કાલિક શિરડીથી નાસિક ખસેડવામાં આવે અને યોગ્ય સારવાર શરૂ કરવામાં આવે.

## તંત્રી સ્થાનેથી...

# ગંભીર વાયુ પ્રદૂષણ

એકબાજુ કડકડતી ઠંડી ખતમ થવાનું નામ નથી લેતી, ત્યારે એ તથ્ય સામે આવવું વધુ નિરાશાજનક છે કે વાયુ પ્રદૂષણ પણ ગંભીર રૂપ લેતું જાય છે. હવાની ગુણવત્તામાં ઘટાડો ફક્ત દિલ્હી અને આસપાસ જ નથી જોવા મળી રહ્યું, પરંતુ તે ઉત્તર ભારતનાં અનેક શહેરોમાં પણ દેખાઈ રહ્યું છે. હાલમાં તેના પર લગામ લગાવવાના કોઈ અણસાર નથી. દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં પહોંચતાં બીએસ-૩ પેટ્રોલ અને બીએસ-૪ ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે, પરંતુ તેમાં શંકા છે કે એનાથી વાત બનશે. તેનું કારણ એ છે કે હવા વિષાક્ત થવા માટે અન્ય અનેક કારણો પણ જવાબદાર છે અને તેમાંથી મુખ્ય છે શિયાળાથી બચવા માટે કોલસા, લાકડાં, છાણાં સાથે કચરો પણ બાળવો. ભલે કચરો બાળવા પર પ્રતિબંધ હોય, પરંતુ તેના પર કોઈનો અંકુશ નથી. વર્તમાન સ્થિતિઓમાં એના પર અંકુશ લગાવવો સંભવ પણ નથી દેખાતો. જ્યારે નિર્ધન લોકોને ઠંડીથી બચાવવા માટે ખુદ પ્રશાસન જ કચરા બાળતું હોય, ત્યારે એ સંભવ નથી કે લોકોને લાકડાં, કોલસા સાથે કચરો બાળતાં રોકી શકાય. ભારત એક ગરીબ દેશ છે અને હાલમાં એ કલ્પના ન કરી શકાય કે નિર્ધન લોકો ઠંડીથી બચવા માટે હીટર વગેરેનો ઉપયોગ કરી શકે.એ યોગ્ય નથી કે ઉત્તર ભારતનો એક મોટો હિસ્સો કેટલાક મહિના છોડીને આખું વર્ષ વાયુ પ્રદૂષણની ઝપટમાં રહે છે. તે રહી રહીને ગંભીર શ્રેણીમાં પણ પહોંચતું રહે છે. ઠંડીની સિઝનમાં એવું કંઈક વધારે જ થાય છે. તેનું કારણ એ છે કે વાયુ પ્રદૂષણ માટે જવાબદાર વિભિન્ન કારણોનું પ્રભાવી રીતે નિવારણ કરવામાં સફળતા નથી મળી શકતી. તેની પુષ્ટિ રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમના તાજા રિપોર્ટથી પણ થાય છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અંતર્ગત ૨૦૧૯માં આ કાર્યક્રમ સોથી વધુ શહેરોમાં શરૂ કરવામાં આવ્યો હતો. તેનું લ-ય આ શહેરોમાં હવાના સ્તરને સુધારવાનું હતું. આ કાર્યક્રમના ચાર વર્ષ પૂરાં થયા બાદ એ ખબર પડી કે લગભગ કોઈપણ શહેરે પોતાનું લ-ય પૂરું નથી કર્યું. એવું ત્યારે થયું જ્યારે હવા સ્વચ્છ રાખવા માટે વિભિન્ન શહેરોને છ હજાર કરોડ રૂપિયાથી વધુ આપવામાં આવ્યા. જે કોઈ શહેરોમાં હવાની ગુણવત્તામાં આંશિક સુધાર થયો, ત્યાં આ શિયાળામાં સ્થિતિ ફરીથી ખરાબ થઈ ગઈ. એક રીતે જ્યાંથી ચાલ્યા હતા, ત્યાં જ પાછા પહોંચી ગયા. એનાથી સંતુષ્ટ ન થઈ શકાય કે રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ અંતર્ગત હવાને સ્વચ્છ રાખવાનાં લ-ય આગળ વધારવામાં આવ્યાં છે, કારણ કે જો આ કાર્યક્રમની નિષ્ફળતાનાં કારણોનું નિવારણ ન કરવામાં આવ્યું તો પછી સ્થિતિઓ બદલાવાની નથી.

આવ્યો છે ઉતરાયણ નો તહેવાર તો માણીએ :
ઉતરાયણ ના હાઈકુ :::
★ઉતરાયણ★
★હાઈકુ★

૧ મકર રાશી
આવકારે સૂર્યને
ઉતરાયણે

૨ પતંગ ચગે
ઉતરાણની મોજ
આકાશી યુધ્ધ

૩ આબાલ વૃદ્ધ
સૌને ગમે પતંગ
ઉત્તરાયણે

૪ કપાય પેચ
ટકરાય નજર
છત ઉપર

૫ બને છે અહીં
શ્વાન માટે લાડવા
લડાવે લાડ

૬ દોરી પતંગ
ઉતરાયણ દિને
ચડે આકાશે

૭ મીઠો તડકો
અગાસી માં જોવાય
આખો દિવસ

૮ ખેંચમખેંચ
લપેટાય ફીરકી
કાપમકાપી

૯ ઉતરાયણે
અગાસી હરખાય
શોરબકોર

૧૦ ઝંડુ લઈને
પતંગ પકડવા
દોડશે લોકો

૧૧ રંગબેરંગી
આકાશમાં પતંગ
સૌને ગમતી

૧૨ આકાશ થશે
મકર સંક્રાંતિએ
રંગબેરંગી

૧૩ પતંગવીરો
ચગાવશે પતંગ
આખો દિવસ

૧૪ પતંગ બાજ
કુશળતાપૂર્વક
લડાવે પેચ

૧૫ તલ ગોળના
લાડવા આપી કરે
મીઠા શુકન

૧૬ નજર ઊંચી
રાખતા શીખવે છે
ઉતરાયણ

૧૭ ગુંજી ઉઠે છે
સૂનકાર અગાસી
ચીચીયારી થી

૧૮ અગાસી પર
ઉંધીયા મિજબાની
કરે સૌ સાથે

૧૯. પીંછી લઈને
ઊભો છત ઉપર
દોરવા આભ

૨૦ દોર લઈને
ઊભો છત ઉપર
માપવા આભ

'મેહુલ ત્રિવેદી-પ્રેમનો માણસ'
ગાંધીનગર

# મકર સંક્રાંતિએ ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે એનીમલ હેલ્પલાઇન દ્વારા ૧૧ વિશેષ ત્રિદિવસીય કંટ્રોલ રૂમ ખોલાશે, આણંદ વેટરનરી કોલેજના વેટરનરી ડોક્ટરો સહીત ૫૦ ડોક્ટરો, ૩૦ પેરામેડીકલ તબીબી સ્ટાફ, ૧૫૦ કાર્યકર્તાઓ ખડેપગે સેવા

સમસ્ત મહાજન, ગીરીશભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિ

રાજયભરમાં ઉતરાયણનાં તહેવાર ઉમંગપૂર્વક ઉજવાતો હોય છે પરંતુ આ દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબધ્ધ બનાવો બનતા હોય છે. આવા બનાવો નિવારવા તથા ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી 'કરુણા અભિયાન' શરૂ કરાશે. તા. ૧૦ મી થી તા. ૨૦/૦૧/૨૦૨૩ દરમ્યાન આ અભિયાન હેઠળ રાજયભરનાં તમામ જિલ્લા કલેકટરની તેમજ મ્યુનિસીપલ કમિશ્નરની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ વન વિભાગ, પશુપાલન વિભાગ, શિક્ષણ વિભાગ, પોલીસ તંત્ર, એનીમલ વેલફેર બોર્ડ, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, વિવિધ ગૌશાળાઓ પાંજરાપોળો, વિદ્યુત બોર્ડ અને રાજયભરમાં પથરાયેલ વિવિધ જીવદયાપ્રેમી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી સઘનપણે પક્ષીઓને બચાવવાની કામગીરી સુઆયોજીત ઢબે હાથ ધરાશે. આ અભિયાનમાં જીવદયાપ્રેમીઓ અને જીવદયાક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ સાથે સંકલન કરવુ અને તેમને જીલ્લા તંત્ર સાથે આ અભિયાનમાં મોટાપાયે સાંકળવુ એ અતિ મહત્વનો અભિગમ રહેશે. આ અન્વયે દરેક જિલ્લા મુખ્ય મથકોએ હેલ્પલાઈન, વિવિધ સ્થળોને ઓપરેશન થિયેટર તેમજ પક્ષીઓનાં સારવાર કેન્દ્રો ઉભા કરી, ઈજા થયેલ પક્ષીઓને સારવાર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં વનવિભાગ, પશુપાલન વિભાગ, પોલીસ તંત્ર, વિવિધ સરકારી તેમજ અર્ધસરકારી તંત્રો, વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓ તેમજ પશુચિકિત્સક અધિકારીઓ, મહાનગરપાલીકા, માહિતી ખાતુ, ખાનગી વેટરનરી ડોકટરો સહીતનાઓને પણ સામેલ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજયમાં મકર સંક્રાંતિપર્વ ખૂબ જ હર્ષોલ્લાસથી ઉંજવાય છે અને પારંપારિક રીતે આકાશ આખુ ઉડતી પતંગોથી મઢાય જાય છે. મકરસંક્રાતિનાં પાવન પર્વ નિમિતે લાખો પતંગો આકાશમાં ઉડતી હોય છે. લોકો અજાણતાં જ ચાઈનીઝ દોરા/કાચનાં પાકા માંજા, પાયેલાં દોરાનો ઉપયોગ પતંગ ઉડાડવામાં કરી પક્ષીઓનાં જીવનનો અંત લાવવામાં નીમીત બને છે. ઘણા વિસ્તારોમાં વીજળીના તાર પર, ઝાડ પર, અગાસી ઉપર, બિલ્ડીંગો પર, છત પર, ટી.વી. એન્ટેના ટાવર વિ. પર અનેક જગ્યાએ લટકતાં દોરા તેમજ કપાયેલા ફાટેલાં પતંગો જોવા મળે છે જે અબોલ વિહરતાં પક્ષીઓ માટે ફાંસીનાં ગાળીયા સમ કાર્ય કરે છે. પતંગ કાપવાની મજા પક્ષીઓ માટે મોતની સજા બને છે. તે સમયે અનેક નિર્દોષ પક્ષીઓની પાંખ, ડોક દોરાથી કપાઈ જાય છે, પક્ષીઓ ઘાયલ થાય છે અને તરફડી તરફડીને મરી જાય છે. નિર્દોષ પારેવા, ચકલા, પોપટથી લઈને સંરક્ષીત અને લુપ્ત થતી પ્રજાતિનાં પક્ષીઓ, વિદેશથી માઈગ્રેટ થઈને આવતા પક્ષીઓ કાતિલ દોરાથી કપાઈ જાય છે, તરફડે છે અને સારવાર અને સંભાળનાં અભાવે મરી જાય છે. થોડાંક વર્ષોથી રાત્રે આકાશમાં સળગતાં તુકકલો ઉડાડવાને કારણે અગાઉના વર્ષે વસાહતી વિસ્તારમાં આગ લાગવાની ઘટનાઓ પણ બને છે. આ સળગતા તુકલો કોઇ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પડે, કોઇ લાકડાની લારી કે જોખમી કેમિકલ બનાવનારી ફેકટરી પર પડે તો મોટી હોનારત સર્જાઇ શકે. તેજ રીતે પતંગની દોરીથી અનેક વાહન ચાલકો અકસ્માતનો ભોગ બને છે. દ્વિચક્રી વાહનો ચલાવનારા પર આવી દોરી આવી જતાં ગળામાં ફસાઈ જવાથી અકસ્માત અને મૃત્યુ થવાના ઘણા બનાવો નોંધાયા છે. અનેક વ્યક્તિઓના ગળા કપાઇ જવાના, પશુપંખીઓના દોરીના કારણે લોહીલુહાણ થવાના અને મૃત્યુ પામવાના બનાવો બને છે. સાદી દોરીથી પણ અકસ્માત થાય છે અને ચાઈનીઝ દોરીથી પણ આવા અકસ્માતો સર્જાય છે. પરંતુ ચાઈનીઝ દોરી વધારે ઘાતક સાબિત થાય છે. આ પ્રકારની ઘાતક ચાઈનીઝ દોરી અને તુકકલોના વેચાણ પર કડક પ્રતિબંધનું અમલીકરણ થવો જોઇએ.

મકર સંક્રાંતીએ પતંગનાં દોરાથી થવાયેલા પક્ષીઓની સારવાર માટે 'કરુણા અભિયાન-૨૦૨૩' અંતર્ગત કંટ્રોલરૂમનો રાજકોટનાં જીવદયા પ્રેમી કલેકટર અરુણ મહેશ બાબુ તથા ડી.ડી.ઓ. દેવ ચૌધરીનાં માર્ગદર્શનમાં થશે. જેમાં ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલય, નેશનલ એડવાઈઝરી કમિટીના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ મહેતા, ચંદ્રકાંતભાઈ શેઠ, ડો. માધવ દવે, ચંદેશભાઈ પટેલ, રાહુલ ખીવસરા, ડો. શૈલેષ જાની, કેતન બોરીસાગર તથા સાથી ટીમ પણ ખાસ ઉપસ્થિત રહી સહકાર આપશે.

'કરૂણા અભિયાન'માં જુનાગઢ વેટરનરી કોલેજ તથા આણંદ વેટરનરી કોલેજના નિષ્ણાંત તબીબો, શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન રાજકોટનાં ડો.નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, ડૉ. અરવિંદ ગડારા, ડૉ. વિવેક કલોલા, ડૉ. અર્જુન ધગલ, ડો. કિશન કથીરીયા , ડૉ. દર્શિત જાવીયા, ડૉ. વિવેક ડોડીયા, ડૉ. પિયુષ ડોડીયા, ડૉ. માર્મિક ઢેબર, ડૉ. ભાવિક પંપાણિયા, ડૉ. રાજીવ સિન્હા, ડૉ. ગિફટી મહિડા, ડૉ. મહેશ રામાણી તેમજ મુંબઈ વેટરનરી કોલેજના ડો. રિધ્ધિ, ડો. યોગીતા, ડો. પ્રાંચી, ડો. મનીષ, ડો. અનકન, ડો. વિનીત તેમજ ડો. પી.વી. પરીખ તથા તેમની ટીમનો સમગ્ર વ્યવસ્થા અંગે આણંદ વેટરનરી કોલેજનો વિશેષ સહયોગ મળી રહયો છે. ડી.સી.એફ. ડો. તુષાર પટેલ જિલ્લા પશુપાલન વિભાગનાં ડો. ખાનપરા, ડો. અભાણી, ડો. રાકેશ હીરપરા, ડો. ભાવેશ જાકાસણીયા સહિત ૨૦ ડોકટરો, ૩૦ પેરામેડીકલ તબીબી સ્ટાફ, ૧૦૦ કાર્યકર્તાઓ ખડેપગે સેવા આપશે. આ કેમ્પનો આર્થિક સમસ્ત મહાજન તથા ગીરીશભાઈ શાહ, કુમારપાળભાઈ શાહ તથા તેમની ટીમ વિશેષ ઉપસ્થિત રહેશે. અર્હમ યુવા સેવા ગ્રુપ, જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ-યુવા, નો સુંદર સહયોગ રાષ્ટ્રસંત પૂ. ગુરૂદેવ નમ્રમૂની મહારાજનાં આશીર્વાદથી મળી રહયો છે. આ અભિયાન અંતર્ગત ઘવાયેલા પશુની સર્જરી પણ કરાશે. જરૂર પડયે દાખલ કરવાની પણ વ્યવસ્થા કરાશે. એકસ–રે, સોનોગ્રાફી સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. ડ્રોનથી પણ ઉંચાઈ પર ફસાયેલા પક્ષીઓને લોકેટ કરી તેમને રેસ્કયુ કરવામાં આવશે.

મકર સંક્રાંતીએ પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે તા.૧૩, તા.૧૪ તથા ૧૫ જાન્યુઆરી મકર સંક્રાંતીનાં રોજ રાજકોટના (૧) ત્રિકોણબાગ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૨) પેડક રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪) (૩) આત્મીય કોલેજ પાસે, કાલાવડ રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૪) કિશાનપરા ચોક, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ । ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૫) માધાપર ચોકડી પાસે, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪) તથા (૬) સંસ્થાની કાયમી, નિઃશૂલ્ક એનીમલ હેલ્પલાઇન વેટરનરી હોસ્પિટલ (જુની શ્રીજી ગૌશાળા, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, હોટલ ક્રિષ્નાપાર્ક વાળો સર્વિસ રોડ, ગોંડલ રોડ, વાવડી, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪), (૭) શેણી મેમોરીયલ ટ્રસ્ટ (એનીમલ હેલ્પલાઈન શેલ્ટર), શ્રેયાંસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પછી તરત, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડ પાછળ, જામનગર રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪) (૮) ડો. યાજ્ઞીક રોડ, પી.પી. ફૂલવાળાની સામે, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪) (૯) અર્હમ યુવા સેવા ગ્રુપ, મોદી સ્કૂલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની, બાજુમાં, રાજકોટ (મો.૯૧૩૬૪ ૪૨૪૯૧), (૧૦) સાંઈબાબા સર્કલ, કોઠારીયા સોલવન્ટ, રાજકોટ (મો.૯૫૮૬૬ ૪૯૧૧૫), (૧૧) જૈન વિઝન (મીલનભાઈ કોઠારી તથા ટીમ, હોમી દસ્તુર માર્ગ, ડો. યાજ્ઞીક રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯/ ૯૮૯૮૪૯૯૯૫૪) ખાતે એમ કુલ ૧૨ વિશેષ કંટ્રોલરૂમ સવારે ૯ થી રાત્રીના ૭ સુધી શરૂ કરાશે.

'કરૂણા અભિયાન-૨૦૨૩' અંગેની વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મો: ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦૩૦૩૯૩) તથા એનીમલ હેલ્પલાઇન (મો:૯૮૯૮૦૧૯૦૫૯/ ૯૮૯૮૪૯૯૯૫૪) નો સંપર્ક કરવો.

# વ્યાજખોરોનું આવી બન્યું કે હવે આવી બનશે !!

સમાજમાં સદીઓથી ભ્રૂણ હત્યા, શોષણ, દહેજ, સતી પ્રથા, દારૂ, જુગાર, કસુંબો, ધુમ્રપાન, ચોરી, વેશ્યાવૃત્તિ, બળાત્કાર, સાહુકારી, જમીનદારી, ચોરી, લૂંટ વિ.વિ. જેવા ★ઘણાં દુષણ સમાજ વ્યવસ્થા સાથે જોડાયેલ છે★.

મોટાભાગે વ્યક્તિના સ્વભાવ, વાતાવરણ અને વ્યવસ્થાઓ આવા દુષણમાં ભાગીદાર બનતી હોય છે. કાળક્રમે, આવા દુષણ માંહેના કેટલાક ઓછા થયાં, કેટલાક નાબુદ થયાં ને કેટલાકે સ્વરૂપ બદલ્યા છે !

★આમાંનું જ એક દુષણ એટલે સાહુકારી !★

પહેલાના સમયમાં ગામના પૈસાદારો કે જમીનદારો દ્વારા સાહુકારી કરવામાં આવતી એટલે કે લોન આપવામાં આવતી. એ સમય હતો કે ત્યારે બેંકિંગ વ્યવસ્થા જ ન હતી. એક ધીરધાર પ્રવૃત્તિ હતી. જયારે પણ નાણાંની આવશ્યકતા હોય ત્યારે સાહુકારો પાસેથી નગદ નાણાં લેવામાં આવતા. ચેક કે ડ્રાફ્ટની જગ્યાએ 'હુંડી' સીસ્ટમ પ્રમાણિત હતી. એ સમયે પણ પ્રમાણિક અને અપ્રમાણિક સાહુકારો હતા જ ! કેટલાક સાહુકારો 'મૂછના દોરે' પણ નાણાં ધીરતા અને કેટલાક સાહુકારો ,જર કે જમીન ગીરો મુકાવી જરૂરીયાત પૂરી કરતા. આ ધીરધારો ક્યારેક પ્રમાણિકતાથી ગીરો પરત કરતા અને ક્યારેક અપ્રમાણિકતાથી ગીરો હજમ કરતા સાહુકારો એ સમયે પણ હતાં. આવા કેટલાક સાહુકારો ઉઘરાણી માટે પઠાણો રાખતા અને એમની ઉઘરાણી સીસ્ટમને કારણે 'પઠાણી ઉઘરાણી' શબ્દ પ્રચલિત થયો. પઠાણ રાખવાનું કારણ એ પણ હોય કે ઈસ્લામમાં વ્યાજ લેવું એ અપરાધ માનવામાં આવે છે એટલે પઠાણ ધીરધારના ધંધામાં હરીફ પણ ન બને અને માલિકને વફાદારી એ સમયના પઠાણનો સિદ્ધાંત પણ કારણભૂત હોય શકે !

★ભણતર અને ગણતર કરતા વિશ્વાસનો એક સમયગાળો હતો★ જેમાં સામાન્ય રીતે ગામનો વૈશ્ય સમુદાય, ગરાસદાર સમુદાય કે જમીનદારો આ પ્રકારના સાહુકારો હતા ! વર્ષોથી આ પરંપરા કે દુષણ ચાલ્યુ આવ્યું છે.

વિષય એ જ હોય અને સ્વરૂપના બદલાવ સાથે બ્લેક & વ્હાઇટથી કલર ફીલમ અને ડીજીટલ સમયના આ દોર સુધી ઘણી સફળ ફિલ્મો પણ આ જ વિષય પર બની છે .

★સમય બદલાયો★.

સીસ્ટેમેટીક ગીરો પદ્ધતિ અખત્યાર થવાં લાગી. શરાફ, બેંકિંગ, સહકારી અને સરકારી ગીરો પદ્ધતિ આવી. ક્રેડીટ કાર્ડ અને ચેક પર પૈસા મળવા સહેલા થઈ પડ્યા. પણ ... હજુ પણ પેલી સાહુકાર પાસેથી મૂડી કે નાણાં લેવાની પદ્ધતિ તો રહી જ !!

સાહુકારો બદલાયાં ! એમાં સરકારી વ્યવસ્થા ભળી ! લોભ, લાલચ, તાત્કાલિક જરૂરીયાત અને નબળા સમયને કારણે પણ વ્યક્તિ ક્યારેક આવા પ્રાઈવેટ ફાઇનાન્સ લેવા માટે આકર્ષાય છે કે મજબૂર બને છે. ★આજની વૈભવી જીવનશૈલી, મોંઘીદાટ અને દેખાદેખીની સમાજ વ્યવસ્થા નાણાં વ્યાજે લેવા માટે સૌથી મોટો ભાગ ભજવે છે★.

દરેકને રાતોરાત પૈસાદાર થાવું છે , વૈભવ ભોગવવો છે ! દવાખાનું કે શિક્ષણ કે આકસ્મિક ખર્ચ માટે ક્યાંક કોઇકની ખરા અર્થમાં જરૂરીયાત હશે પરંતુ એ પ્રકારે નાણાં ઉછીના લેવાનું પ્રમાણ ખુબ ઓછું ભાસે છે !

★દંભની આ દુનિયામાં વાસ્તવિકતા આંધળી બની ગઈ છે.★

ભણતર છે, ગણતર અદ્રશ્ય છે ! વ્યાજનો ઘોડો ચાલતો કે સુતો નથી રહેતો હોતો, એ સતત ઉડતો હોય છે ! ★આજના સાહુકારો 'ઓન પેપર' સાહુકારો નથી પરંતુ મજબૂરી શોધતા ગુંડાઓ છે !★

એમણે પણ પદ્ધતિસર માર્કેટિંગ, સેલ્સ અને 'સર્વિસ' જેવી વ્યવસ્થા કે પ્રણાલી ગોઠવી લીધી છે. તમારો, તમારી સાથે રહેતો તમારો મિત્ર, સંબંધી કે સગો આવા સાહુકારનો એજન્ટ પણ હોઇ શકે કે ખુદ સાહુકાર પણ હોઇ શકે !!

★એક પ્રકારની મોડસ ઓપરેન્ડીથી આ ગુનાઓ આચરવામાં આવે છે.★

એક સમય સુધી નોમીનલ વ્યાજની લાલચ અને સમયસર ચૂકવણી ન થાય તો આકરા નિયમ મુનસફીથી લાગુ કરવામાં આવે. કલાકનો સમય ન સચવાઇ એટલે ડુંગર જેવા દેવાની શરૂઆત થઈ જાય ! સમય સાચવવા માટે જ્યારે વ્યક્તિ પૈસા ચૂકવવા ફોન કરે કે સંપર્ક કરવા પ્રયત્ન કરે એ સમયે કે દિવસે સાહુકાર ગુમ હોય !! અને પછી .... ઘોડો ઘોડો શરૂ !!

★આજનું યુવાધન મિત્રતાના વિશ્વાસમાં આવા દેવામાં સહેલાઈથી ફસાઈ રહ્યું છે★ જેના વરવા પરીણામો આખા પરીવારે ભોગવવાના આવતા હોય છે.

ભાજપના દરેક મુખ્યમંત્રીના શાસનકાળની કોઇ અને કોઇ ઉપલબ્ધીઓ કે સિધ્ધીઓ રહેલી જ છે. આદરણીય મુખ્યમંત્રી ★શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ★ ની ગુજરાત સરકાર અને ગૃહપ્રધાન ★શ્રી હર્ષભાઈ સંઘવી★ દ્વારા શરૂ કરવામાં આવેલ વ્યાજખોર વિરોધની ઝૂંબેશ કાબીલેદાદ છે, પ્રસંશનીય છે. એક યુવાન મંત્રી શું કરી શકે એનું જીવંત ઉદાહરણ શ્રી હર્ષ સંઘવી છે.

★સમાજ, પરીવાર અને યુવા વર્ગને બરબાદ કરતા ડ્રગ કાર્ટેલની સામેની ઝૂંબેશ પછી વ્યાજખોરોથી પરીવારને બચાવવાની સરકાર શ્રીની પોલીસ વિભાગની આ સંવેદનશીલ ઝૂંબેશ સારા પરીણામો લાવી રહી છે★.

સાહુકાર અને વ્યાજ વટાવ દ્વારા શોષણ એ તો વર્ષો જૂની પરંપરા છે. કોઇ નબળી ક્ષણમાં પરીવારની જરૂરીયાતને સંતોષવા માટે થયેલ ભૂલનો ગેરફાયદો કેટલા અંશ સુધી લેવામાં આવે છે એ જાણીએ ત્યારે રૂવાંડા ઉભા થઈ જાય એવી ઘટનાઓ સામે આવી રહી છે. લોહીના વેપાર જેવી દયનીય પરિસ્થિતિનું નિર્માણ આવા વ્યાજખોર દ્વારા કરવામાં આવે છે જેમાં શરમ, સંકોચ, સંસ્કાર, આચાર - વિચારથી ઉપરની કાર્ય પદ્ધતિઓ અખત્યાર કરવામાં આવે છે. એક સમય એવો પણ હતો કે નાણાં લીધા પછી પરત ન કરવા એવી માનસીકતા પણ હતી ત્યારે સરકાર દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ ૧૮૮૧ હેઠળ એક પ્રાવિધાન આપવામાં આવેલ છે જેનો ગેરઉપયોગ વ્યાજખોરો દ્વારા આજના સમયમાં સહેલાઇથી કરવામાં આવે છે. આ એક્ટ ખરા અર્થમાં વેપારી, વ્યક્તિગત કે સંસ્થાકીય ધીરધારને રક્ષણ આપવા માટે બનાવેલ પરંતુ વ્યાજખોરો માટે આ કાયદો રક્ષક બનેલો છે. એક માત્ર કોરા ચેક પર આ વ્યાજખોરો નાણાં ધીરે છે અને પછી ન ધારેલ ગણાં નાણાં વસુલ તો કરે પરંતુ પરીવરોની જીંદગી ખરાબ કરી નાખે. કેટલાય પરિવારો બરબાદ થયા છે. કેટલાય ઘરના મોભી કે આશાસ્પદોએ જીવન ટૂંકાવવું પડ્યું છે. કેટલીય મા-બહેન-બેટીના શીયળ લુટાયા હશે કે લોહીના વેપારના ભોગ બની હશે ! કેટલાય જીવન ટૂંકાયા હશે છતાં નરાધમ વ્યાજખોરો કેડો મુકતા નથી હોતા. કોઇ બીક નહીં, કોઇ ભય નહીં કારણ હાથમાં કોરો ચેક છે. ગુંડાગીરી તો સ્વાભાવિક રીતે આચરી લે એવા નાલાયકોની જમાત હોય છે.

★ગુજરાત સરકારનો પોલીસ વિભાગ, લોક અદાલત થકી તથા જાહેર આહ્વાન અને રક્ષણના વિશ્વાસ થકી લોકોમાં નવો પ્રાણ ફૂંકી રહી છે.★

વ્યાજખોરોથી ત્રાસેલા સેંકડો લોકો આજે અવાજ ઉઠાવી ફરીયાદ કરી રહ્યાં છે અને સરકારનો પોલીસ વિભાગ એ આધાર પર સખ્તાઈથી પગલા લઈ રહી છે. કેટલાય ★મુછે તાવ દેતા વ્યાજખોરો આજે ભોંભિતર★ થઈ ગયા છે.

આ તકે નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટમાં કેટલાક ફેરફારની આવશ્યકતા છે. આ એક્ટ હેઠળ કે અંતર્ગત ફરીયાદીના નાણાં એક નંબરના હોવા જોઈએ. એ પ્રકારે એ નાણાં ફરીયાદીએ સાબિત કરવા એવો બદલ આ એક્ટમાં ફરજીયાત પણે મુકાવો જોઇએ. ★લાખો - કરોડો હાથ ઉછીના રોકડ નાણાં આપનાર ધીરધાર વ્યાજખોરોને આ એક્ટ હેઠળ બચાવની તક ન મળવી જોઇએ★. ઉછીના આપેલ નાણાં ચોપડે હોવા જ જોઇએ. જેથી બે-ત્રણ નંબરના કામ કરી પૈસાદાર બનતા આવા અસામાજીક તત્વોને બ્રેક લાગે.પરંતુ.... આજે બેંક અને અન્ય કાયદેસરની ફાયનાન્સીલ સીસ્ટમ હાજર છે ત્યારે પ્રાઈવેટ ફાઇનાન્સ લેતાં પહેલા બે વખત વિચાર પણ કરવો એ દેવાદાર બનવા પહેલાની તક છે !!! ??

અસ્તુ ....

- ★અતુલ પંડિત★

# ઉત્તરાખંડના ઉતરકાશીમાં મધરાત્રે ભૂકંપ, લોકો ભરઊંઘમાંથી જાગીને ભાગ્યા

દહેરાદુન,તા.૧૩

ઉત્તરકાશી જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૯ હોવાનું કહેવાય છે. જણાવવામાં આવ્યું હતું કે ઉત્તરકાશીમાં ગુરુવારે રાત્રે ૨.૧૨ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મોડીરાત્રે અચાનક ધરતી ધ્રુજવાને કારણે ગાઢ નિંદ્રામાં સુતેલા લોકો ગભરાઈ ગયા હતા. ભૂકંપના આંચકા અનુભવ્યા બાદ ઘણા લોકો, ભર ઊંઘમાંથી જાગીને પોતાના ઘરની બહાર આવી ગયા હતા. જો કે ભૂકંપના હળવા આંચકાને કારણે હાલ કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૨.૯ માપવામાં આવી છે.

ભૂકંપનું ઉદગમ કેન્દ્ર ઉત્તરકાશી જિલ્લામાં જ જણાવવામાં આવી રહ્યું છે. જણાવી દઈએ કે ઉત્તરાખંડનો ઉત્તરકાશી જિલ્લો સિસ્મેક ઝોન-પમાં આવે છે. આ સંદર્ભમાં, આ સમગ્ર જિલ્લો ભૂકંપની દ્દષ્ટિએ અત્યંત સંવેદનશીલ છે.

અહીં સમયાંતરે ભૂકંપના આંચકા અનુભવાય છે. આ પહેલા ગત ૧૨ ડિસેમ્બરના રોજ પણ ઉત્તરકાશીમાં ભૂકંપ આવ્યો હતો. તે સમયે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૩.૧ માપવામાં આવી હતી.

૨૦ ઓક્ટોબર, ૧૯૯૧ના રોજ ઉત્તરકાશીમાં આવેલા ભૂકંપે દેશ અને દુનિયાને હચમચાવી દીધી હતી. ઉત્તરાખંડના ઈતિહાસમાં ઉત્તરકાશીનો ભૂકંપ ઉત્તરાખંડ રાજ્યની સૌથી મોટી આફતોમાંથી એક ગણાય છે. આ ભૂકંપને કારણે હજારો લોકોના મોત થયા હતા અને કરોડોની સંપત્તિને નુકસાન થયું હતું. ૨૦ ઓક્ટોબર ૧૯૯૧ના રોજ ઉત્તરકાશીમાં ભૂકંપની તીવ્રતા ૬.૮ માપવામાં આવી હતી. આજે પણ લોકો જ્યારે પણ ભૂકંપ આવે ત્યારે ૧૯૯૧ના ભૂકંપની ભયાનકતાને યાદ કરીને ડરી જાય છે.

ગત ૧૨ ડિસેમ્બરે ઉતરકાશી અને નેપાળમાં પણ ભૂકંપ આવ્યો હતો. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં મધ્યરાત્રીના ૨:૧૯ વાગ્યે ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. આનાથી કોઈ નુકસાનના થયુ નહોતું.

જ્યારે નેપાળના બાગલુંગમાં ૪.૭ અને ૫.૩ની તીવ્રતાના બે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેપાળના નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (દ્ગઈસ્ઈઝ્ર) અનુસાર, ૧૨ ડિસેમ્બરે વહેલી સવારે નેપાળના બાગલુંગ જિલ્લામાં ૪.૭ અને ૫.૩ની તીવ્રતાના બે ભૂકંપ આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર મહિનાની ૯ અને ૧૦મી તારીખે મહારાષ્ટ્ર, હિમાચલ અને મણિપુરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. દસમી ડિસેમ્બરે ૩૩ મિનિટની અંદર ત્રણ રાજ્યોમાં ધરતી ધ્રુજી ઉઠી હતી.

ભૂકંપના આંચકા સૌ પ્રથમ મણિપુરના ચંદેલમાં ૧૧.૨૮ વાગ્યે અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૧ માપવામાં આવી હતી. મણિપુરના ચંદેલમાં અનુભવાયેલા ભૂકંપનુ કેન્દ્રબિંદુ જમીનથી ૯૩ કિમીની ઊંડાઈએ હતું.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No :122**

પ્રકાર : પદ્ય
શિર્ષક : ઉતરાયણ
વિષય : ઉતરાયણ

ઉતરાયણ...
ચોરે ને ચૌટે
ઉછળતો ઉમંગ
ઉતરાયણ.
ઊંધિયું, ચીકી
વહેંચીએ મીઠાશ
ઉતરાયણ.
મુક્ત વિહારી
નહીં સીમા કાંટાળી
નભે વિહંગ.
મકરસંક્રાંતિ.
વિહંગ કે પતંગ
ઉડશે કોણ?
બંને નિહાળે
માનવ ને પારેવું
ઊંચેરા સ્વપ્ન.
પતંગ દોરો
કપાઈ જીવાદોરી
નિષ્પ્રાણ પંખી.
કાચ પાયેલ
દોરો કે તલવાર
કાતિલ ખેલ!
પતંગ દોરો
ચીચીયારી ચોપાસ
ખુશી ને દર્દ!
'કાજલ??નામ : કાજલ શાહ
સ્થળ : મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0092**

પ્રકાર :- પદ્ય
વિષયઃ- ઉત્તરાયણ -પતંગ - દોરી આત્મકથા
શિર્ષક :- ઉત્તરાયણનો સંદેશ

સૂરજની મકરમાં પધરામણી થઈ રહી છે,
વાયરાઓનીય મીઠી લહેર સહુને સ્પર્શી રહી છે.
પતંગોની રંગીન મહેફિલ નભે સજી રહી છે,
જો ને ઉત્તરાયણ આવી રહી છે !
પતંગની રંગત શું શીખવાડી રહી છે ?
કમાનમાં લૌચિકતાથી નભને એ આંબી રહી છે.
સમાંતર કિન્નાથી અદ્ભૂત સંતુલન રાખી રહી છે,
જીવનના મર્મને સરળતાથી બતાવી રહી છે.
ઋતુના બદલાવની છડી પોકારી રહી છે,
પૌષ્ટિક વાનગીઓનો રસથાળ લાવી રહી છે.
અગાસીમાં પતંગ જ નહીં પણ નજરોના પેચ લઢાવીને,
કેટલાંય યુવા હૈયાઓને નજીક લાવી રહી છે.
નભને આંબવાના અભરખાને પાનો ચઢાવી રહી છે,
વાયરો એ માટે અનુકૂળ હોવાનો મર્મ સમજાવી રહી છે.
એકલા પંડે નભમાં વિહરવું અને પેચ કાપવા અઘરું છે એ સમજાવી રહી છે,
ફિરકીના પકડનાર અંગતની સંગતનો મર્મ બતાવી રહી છે.
પેચ કાપતાં પહેલા ઢીલ મુકવાની નીતિ શીખવાડી રહી છે,
સૂરજની સંગે સ્વાસ્થ્ય ને સુખાકારીનો સંદેશ આપી રહી છે.
એક બીબાઢાળ જીવનમાંથી એક દિવસનો છુટકારો આપી રહી છે,
જો ને ઉત્તરાયણ આવી રહી છે !
-અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર...૧૩/૦૧/૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :226**

વિષય : પતંગોત્સવ
શિર્ષક : જીવનની પતંગ
પ્રકાર : ગદ્ય
નામ : મોહનભાઈ" આનંદ "

આ જીવ એક પતંગથી વિશેષ કશું નથી. હ્દયના આકાશમાં નિત્ય સોહમ ગુંજારવ ની દોરીથી બાંધીને આ જીવ કલ્પનાની ઊડાન મન દ્વારા ભરે છે. બુધ્ધિ રૂપી કામઠી માં સજ્જ થઈ કોરા કાગળ જેવા મનમાં વિવિધ રંગોમાં કલ્પનાની પતંગો કોઈ ડુગ્ગી,ચરકટ કોઈ આંખો વાળી મસ્ત પતંગ થઈ આ સંસારના આકાશમાં ઉડે છે.

સફળ ઉડ્ડયન દર વખતે ક્યાં હોય છે, અનુકૂળતા નો પવન પડી જાય છે.ત્યારે ઊડાન ધીમી ગતિએ આગળ વધે છે. ઠુમકા મારી એ ત્યારે કંઈક ટકી રહેવાય છે. આ જિંદગીની સચ્ચાઈ છે. છતાં

ઈશ્વરની કૃપા છે કે પ્રતિકૂળતા કાયમની નથી,મંદ મંદ અનુકૂળ પવન વહે છે ઈચ્છાની દોર છૂટી ને , જીવન રૂપી પતંગ મહોત્સવ મનાવે છે.આનંદમા તદ્રૂપ બની જાય છે

સંસારના આકાશ માં આયુષ્યના જોરે ઊડતી આ જિંદગી ઉતરાર્ધમાં આવી જાય છે. ઘણા સુખદુઃખ સગવડો ટાઢ તડકો વેઠી કશુંક પ્રાપ્ત કર્યું છે. હવે આવનારી પેઢીને માટે પોતાની જાતને

સમર્પણ કરી દે છે. આયુષ્યની દોર કપાઈ જાય એ પહેલાં ભિષ્મ પિતામહ ની માફક ઉતરાયણ પર્વની ઉજવણી ઉત્સાહભેર કરી ને

દેવયાન માર્ગે પોતાની સફર પૂરી કરવા ધર્મનો બોધ ગ્રહણ કરી,

ધ્યાન ધારણામાં બાંધી અનંત આનંદના ચૈતન્ય મય સ્વરૂપમાં વિહાર કરવા સજ્જ બને છે.ત્યારે તૃષ્ણા ની દોરી તૂટી જાય છે,

ભક્તિનો પ્રેમાળ પથ ઉજાગર થાય છે સ્નેહનો તંતુ હરિ સંગે બંધાઈને પ્રણવના ગુંજારવમાં સમાધિસ્થ થાય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG.SS.NO. 0095***

★વિષય★ ★મકરસંક્રાંતિ★
★પ્રકાર★ ★પદ્ય★ ★અછાંદસ★
★શબ્દ★- ૧૮૩
★શીર્ષક★ ★જીવન ની દોર★
★રચના★

ઉડ્યો પતંગ મારો હવાની સંગ,
ચાલ્યો જાણે એક સંધ્યાની સંગ.
આંખો જામી છે મારી આકાશમાં ,
જાણે શમણાં નું રચાયું મેઘધનુષ .
સર સર વહેતો વાયરો ને , સપ્તરંગી પતંગો છે લહેરમાં.
ઊંચે નીચે થતી પતંગ મને,
કેટલું સમજાવી ગઈ શાનમાં ?
વાત તો સાચી જ છે ને ! એટલે જ તો અપનાવી છે જીવનમાં.
ઊડતી જાય ને લહેરાતી જાય છે,
મુજ હૈયાને હરખાવતી જાય છે,
પણ એક વાત સમજાવતી જાય છે.
ભલે હું રાજ કરું છું આકાશમાં,
પણ બંધાયેલી છું હું પણ દોરમાં.
પતંગનું જીવન કેટલું ?
દોર સાથે બંધાઈ રહે એટલું .
કપાય જો એ પતંગ અને,
ક્યાં પડશે એની કોને ખબર ?
જીવનનું પણ એવું જ છે,
દોર આપણો પરિવાર છે.
કપાશે જ્યારે આપણી પતંગ,
કોને ખબર છે ક્યાં જશે પતંગ.
★લેખિકા★ :- ★દીપિકા ચાવડા તાપસી★
★ભાવનગર★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG:SS:NO.:0101***

★વિષયઃ ઉત્તરાયણ-પતંગ-દોરી આત્મકથાઃ★
★પ્રકારઃ ગદ્ય લેખ★
★શબ્દોઃ૨૫૨★
★શીર્ષકઃ પરિવારમાં પણ એક ભીષ્મ હોય છે.★
★નામઃ ભરત સાંગાણી★

સંક્રાંતિ એ ખગોળ શાસ્ત્ર પર આધારિત ઘટના ક્રમ છે. સૂર્ય જે રાશિમાં સંક્રમણ-સંક્રાંતિ- પ્રવેશ કરે ત્યારે તે રાશિનું નામ સંક્રાંતિ સાથે જોડાય છે. ૧૪જાન્યુઆરીના રોજ સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે તે મકર સંક્રાંતિ કહેવાય છે. ત્યારથી સૂર્યની ગતિ ઉત્તર દિશાની તરફ થાય છે, તેને ઉત્તરાયણ કહે છે. અહીંથી સૂર્ય છ મહિના ઉત્તર અયનમાં રહે છે. ઉત્તરાયણથી દિવસ મોટા અને રાત નાની થતી જાય છે.

આ વર્ષે સૂર્ય ૧૪ જાન્યુઆરીના રાત્રે પોણા નવ વાગે મકર રાશિમાં પ્રવેશ કરે છે, તેથી પંદર જાન્યુઆરીના મકર સંક્રાતિની ઉજવણી કરવાની છે.

ઉત્તરાયણમાં મૃત્યુ મોક્ષની ગતિ કરાવે છે.

આ જ કારણસર મહાભારત યુદ્ધમાં ભીષ્મ જ્યારે બાણથી ઘવાયને પડ્યા ત્યારે સૂર્ય દક્ષિણાયનમાં ગતિ કરતો હતો જે મૃત્યુ માટે યોગ્ય સમય ન હતો , ભીષ્મને ઈચ્છા મૃત્યુનું વરદાન પણ હતું. તેથી મહાભારત યુધ્ધ પૂર્ણ થઈ ગયા પછી પણ ભીષ્મે દેહત્યાગ કરવા માટે સૂર્યના ઉત્તરાયણ થવાની રાહ જોઈ હતી. ઉત્તરાયણ સુધી બાણશૈયા પર શરીરને ટકાવી રાખ્યું હતું. ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિ-સૂર્યની ઉત્તરાયણ ગતિની શરૂઆતમાં ભીષ્મએ દેહ ત્યાગ કર્યો.

ઉત્તરાયણથી દેવતાઓના દિવસની શરૂઆત થાય છે.

ભીષ્મના શરીર પરનું એક એક બાણ કૌરવોના એક એક દુષ્કૃત્યનું, ભુલોનું પ્રતીક છે. ભીષ્મ હતાં ત્યાં સુધી કૌરવો ટક્યા.

આપણાં દરેકના પરિવારમાં પણ એક ભીષ્મ હોય છે જે આપણી ભૂલોના બાણ પોતાના પર લઈ લે છે તેથી આપણે સૌ ટકી શકીએ છીએ.એ દાદા, દાદી, પપ્પા, મમ્મી, ભાઈ, બહેન, પતિ, પત્ની, દીકરો કે દીકરી કોઈપણ સ્વરૂપે ભીષ્મ હાજર જ હોઈ છે.

ભીષ્મતો ઉત્તરાયણે જતાં રહ્યાં પણ આપણે આપણાં ભીષ્મને ઓળખીને સાચવી લેવાં નહીંતર કૌરવોની જેમ આપણું અસ્તિત્વ પણ ખતમ થઈ જશે.

આપને અને આપના પરિવારને સૌને મકર સંક્રાંતિની હ્રદયપૂર્વકની શુભેચ્છાઓ.

ભરત સાંગાણી
૧૩/૦૧/૨૦૨૩.

## એમસીએક્સના વાયદાની સાપ્તાહિક વધઘટ


| વાયદા કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ખૂલી (રૂ.) | વધી (રૂ.) | ઘટી (રૂ.) | બંધ (રૂ.) | વધઘટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| સોનું | 03-02-23 | 55382 | 56175 | 55291 | 55875 | 585 |
| સોનું | 05-04-23 | 55832 | 56637 | 55737 | 56328 | 596 |
| સોનું | 05-06-23 | 56534 | 56650 | 56534 | 56579 | -179 |
| ગોલ્ડ-ગિની | 31-01-23 | 44240 | 44808 | 44190 | 44615 | 432 |
| ગોલ્ડ-ગિની | 28-02-23 | 44283 | 44880 | 44250 | 44744 | 461 |
| ગોલ્ડ-ગિની | 31-03-23 | 44475 | 44975 | 44444 | 44811 | 336 |
| ગોલ્ડ-પેટલ | 31-01-23 | 5477 | 5548 | 5473 | 5525 | 51 |
| ગોલ્ડ-પેટલ | 28-02-23 | 5507 | 5600 | 5501 | 5553 | 49 |
| ગોલ્ડ-પેટલ | 31-03-23 | 5534 | 5612 | 5534 | 5572 | 42 |
| ગોલ્ડ-પેટલ | 28-04-23 | 5589 | 5633 | 5555 | 5619 | 44 |
| સોનું-મિની | 03-02-23 | 55303 | 56077 | 55205 | 55801 | 579 |
| સોનું-મિની | 03-03-23 | 55494 | 56240 | 55370 | 55966 | 577 |
| સોનું-મિની | 05-04-23 | 55561 | 56490 | 55560 | 56202 | 609 |
| ચાંદી | 03-03-23 | 68389 | 69835 | 67631 | 68643 | 565 |
| ચાંદી | 05-05-23 | 69530 | 70950 | 68850 | 69759 | 506 |
| ચાંદી | 05-07-23 | 70347 | 70931 | 70342 | 70550 | 393 |
| ચાંદી-માઈક્રો | 28-02-23 | 68250 | 69760 | 67705 | 68675 | 511 |
| ચાંદી-માઈક્રો | 28-04-23 | 69560 | 70880 | 68977 | 69866 | 511 |
| ચાંદી-માઈક્રો | 30-06-23 | 70387 | 71786 | 69971 | 70836 | 520 |
| ચાંદી-માઈક્રો | 31-08-23 | 71366 | 72708 | 70901 | 71753 | 529 |
| ચાંદી-મિની | 28-02-23 | 68277 | 69885 | 67714 | 68680 | 520 |
| ચાંદી-મિની | 28-04-23 | 69629 | 70921 | 68975 | 69890 | 545 |
| ચાંદી-મિની | 30-06-23 | 70472 | 71800 | 69931 | 70771 | 583 |
| ચાંદી-મિની | 31-08-23 | 71400 | 71835 | 70975 | 70975 | -382 |
| એલ્યુમિનિયમ | 31-01-23 | 204.4 | 215.9 | 201.8 | 215.6 | 13.45 |
| એલ્યુમિનિયમ | 28-02-23 | 205.2 | 216.6 | 203.7 | 216.4 | 12.65 |
| જસત | 31-01-23 | 271.35 | 285.85 | 267.05 | 282.65 | 12.55 |
| જસત | 28-02-23 | 273 | 287.4 | 268.95 | 284.8 | 13.05 |
| તાંબુ | 31-01-23 | 724.5 | 773.5 | 719 | 769.25 | 47.55 |
| તાંબુ | 28-02-23 | 727.25 | 771.6 | 718.75 | 767.3 | 46.15 |
| નિકલ | 31-01-23 | 2450 | 2450 | 2450 | 2450 | -20 |
| સીસું | 31-01-23 | 190.15 | 190.6 | 187.8 | 188.9 | -0.4 |
| સીસું | 28-02-23 | 189.45 | 190.8 | 188.6 | 188.95 | -1 |
| ક્રૂડ તેલ | 19-01-23 | 6188 | 6442 | 6075 | 6391 | 243 |
| ક્રૂડ તેલ | 17-02-23 | 6241 | 6475 | 6140 | 6431 | 230 |
| ક્રૂડ તેલ | 20-03-23 | 6354 | 6470 | 6213 | 6435 | 179 |
| નેચરલ ગેસ | 25-01-23 | 315 | 342.6 | 285.3 | 314.1 | 4.1 |
| નેચરલ ગેસ | 23-02-23 | 299.3 | 314.6 | 269.6 | 289.4 | -6.1 |
| નેચરલ ગેસ | 28-03-23 | 298.8 | 315 | 274.7 | 291.5 | -6.2 |
| કપાસ | 28-04-23 | 1615 | 1690 | 1615 | 1652.5 | -27.5 |
| મેન્થા તેલ | 31-01-23 | 1049 | 1080.9 | 1044.7 | 1049.4 | 6.5 |
| મેન્થા તેલ | 28-02-23 | 1062 | 1088.2 | 1056 | 1059.7 | 7.8 |
| મેન્થા તેલ | 31-03-23 | 1090 | 1093 | 1070 | 1070.6 | 10.6 |
| બુલડેક્સ | 24-01-23 | 15395 | 15647 | 15389 | 15522 | 150 |
| બુલડેક્સ | 22-02-23 | 15416 | 15630 | 15396 | 15523 | 152 |

# સપ્તાહ દરમિયાન ક્રૂડ તેલના વાયદામાં બેરલદીઠ રૂ.૨૪૩નો ઉછાળો

### સોનાનો વાયદો રૂ.૫૮૫ અને ચાંદીનો વાયદો રૂ.૫૬૫ તેજઃ કપાસમાં રૂ.૨૭.૫૦ની નરમાઈઃ નેચરલ ગેસ, મેન્થા તેલમાં સુધારોઃ બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણઃ

### સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૯,૯૯૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨,૪૧,૪૩૮ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૨૧ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૬થી ૧૨ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન ૪૫,૯૪,૯૪૭ સોદાઓમાં કુલ રૂ.૩,૪૧,૭૫૦.૩૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૯,૯૯૨.૧૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨,૪૧,૪૩૭.૬૫ કરોડનો હતો.સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૫,૩૮૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬,૧૭૫ અને નીચામાં રૂ.૫૫,૨૯૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૮૫ વધી રૂ.૫૫,૮૭૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૩૨ વધી રૂ.૪૪,૬૧૫ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૧ વધી રૂ.૫,૫૨૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૩૦૩ના ભાવે ખૂલી, રૂ.૫૭૯ વધી રૂ.૫૫,૮૦૧ના સ્તરે પહોંચ્યો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૩૮૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૯,૮૩૫ અને નીચામાં રૂ.૬૭,૬૩૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૬૫ વધી રૂ.૬૮,૬૪૩ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૨૦ વધી રૂ.૬૮,૬૮૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૧૧ વધી રૂ.૬૮,૬૭૫ બંધ થયો હતો. સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૧૬,૩૫૪ સોદાઓમાં કુલ રૂ.૪૯,૩૨૫.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં.બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૩.૪૫ વધી રૂ.૨૧૫.૬૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૧૨.૫૫ વધી રૂ.૨૮૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૭.૫૫ વધી રૂ.૭૬૯.૨૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ ઘટી રૂ.૧૮૯ના ભાવ થયા હતા. સપ્તાહ દરમિયાન બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ ખાતે ૧૧૫,૬૮૮ સોદાઓમાં રૂ.૧૯,૫૪૩.૭૧ કરોડના વેપાર થયા હતા.એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫૮૬,૧૩૬ સોદાઓમાં કુલ રૂ.૩૧,૦૬૬.૮૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૧૮૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૪૪૨ અને નીચામાં રૂ.૬,૦૭૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૪૩ વધી રૂ.૬,૩૯૧ બોલાયો હતો, જયારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૧૦ વધી રૂ.૩૧૪.૧૦ બંધ થયો હતો.




કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧,૧૭૫ સોદાઓમાં રૂ.૫૬.૩૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૫૨.૫૦ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૫૦ વધી રૂ.૧૦૪૯.૪૦ થયો હતો.કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯,૧૧૪.૪૫ કરોડનાં ૩૪,૨૩૦.૩૩૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૦,૨૧૦.૮૫ કરોડનાં ૪,૩૯૦.૯૨૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૩,૮૧૭.૦૮ કરોડનાં ૨૨,૧૬૧,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૭,૨૫૦ કરોડનાં ૫૫૮૩૩૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૫૬.૨૪ કરોડનાં ૫૨૮.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૦૭૭.૧૫૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૭૪.૬૩૯ ટન, ક્રૂડ તેલમાં ૬,૮૨,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪,૩૦,૯૬,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૯૫.૩૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૩૨૦.૫૫ કરોડનાં ૪,૧૩૪ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૩૯૫ના સ્તરે ખૂલી, ૧૫૦ પોઈન્ટ વધી ૧૫,૫૨૨ના સ્તરે હતો.ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨,૪૧,૪૩૭.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮,૯૮૩.૯૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૧૯.૮૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૪,૭૫૫.૭૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬,૧૩૫.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ઈન્દ્રાણી મુખર્જીની પૂર્વ વકીલે દાવો શીના બોરા જીવીત છે : ગોવાહાટી એરપોર્ટને સીસીટીવી ફુટેજ મોકલવા આદેશ

ગોવાહાટી,તા.૧૩

સીબીઆઈની એક વિશેષ કોર્ટે ગુવાહાટી એરપોર્ટને નોટિસ મોકલી સીસીટીવી ફૂટેજ આપવાનો આદેશ કર્યો છે. હકીકતમાં, શીના બોરા હત્યાકાંડની આરોપી તેની મા ઈન્દ્રાણી મુખર્જીએ અરજી દાખલ કરી કહ્યું હતું કે, તેમના વકીલએ ગુવાહાટી એરપોર્ટ પર એક યુવતીને જોઈ હતી જે તેની પુત્રી શીના બોરા જેવી જણાતી હતી.કોર્ટે ગુવાહાટી એરપોર્ટને તે દિવસના ઝઝ્ઝ્ફ ફૂટેજ આપવાનું કહ્યું છે. જયારે વકીલ સવીના બેદીએ શીના બોરા જેવી દેખાતી યુવતીને જોઈ હોવાનો દાવો કર્યો હતો. આ મામલે સુનાવણીની આગામી તારીખ ૨ ફેબ્રુઆરી છે. આઈએનએકસ મીડિયાની કો-ફાઉન્ડર ઈન્દ્રાણી મુખર્જી પર એપ્રીલ ૨૦૧૨માં પોતાની પુત્રી શીના બોરાની હત્યાનો આરોપ લાગ્યો હતો. તેમના પૂર્વ પતિ પીટર મુખર્જી, સંજીવ ખન્ના અને ડ્રાઈવર શ્યામવર રાય પણ કેસમાં સહ-આરોપી છે.એડવોકેટ સવીના બેદી સચ્ચરે કહ્યું હતું કે, તેને ઈન્દ્રાણી મુખર્જીને વીડિયો મોકલ્યો હતો. ૫ જાન્યુઆરી, ૨૦૨૩એ, જ્યારે હું ગુવાહાટી એરપોર્ટથી મુંબઈ જવાની હતી, ત્યારે મેં એક મહિલાને જોઈ, જે મને લાગે છે કે, તે શીના બોરા જેવી દેખાતી હતી. એક વકીલના રૂપમાં હું તેની પુષ્ટિ કરવા માગું છું. હું આઈએનએક્સ મીડિયા પ્રાઈવેટ લિમિટેડની કાયદાકીય સલાહકાર રહી ચૂકી છું અને ૨૦૦૭થી શીનાને જાણું છું.આ પહેલીવાર નથી કે, જ્યારે ઈન્દ્રાણી મુખર્જીએ શીના બોરા જીવીત હોવાનો દાવો કર્યો હોય. આ અગાઉ ઈન્દ્રાણીએ કોર્ટને કહ્યું હતું કે, તેની પાસે એ માનવાનું કારણ છે કે, શીના જીવીત છે, કેમકે ભાયખલા જેલમાં એક મહિલા પોલીસકર્મીએ તેને જણાવ્યું હતું કે, તેણે તેને ૨૦૨૧માં શ્રીનગરમાં જોઈ હતી, પરંતુ CBIએ ઈન્દ્રાણીના દાવા પર વિશ્વાસ કરવાનો ઈક્રાર કરી દીધો હતો.શીના બોરા હત્યાકાંડનો ખુલાસો ત્યારે થયો, જ્યારે પોલીસે ઈન્દ્રાણી મુખર્જીના ડ્રાઈવર શ્યામવર રાયને બંદૂક સાથે પકડી પાડ્યો. રાયએ જણાવ્યું કે, શીનાની હત્યા વર્ષ ૨૦૧૨માં ઈન્દ્રાણી મુખર્જીએ એક કારમાં તેનું ગળું દબાવીને કરી હતી. ઈન્દ્રાણીની ધરપકડ બાદ તેમના પૂર્વ પતિ સંજીવ ખન્નાને પણ પુત્રીની હત્યામાં મદદગારી કરવા અને પૂરાવાનો નાશ કરવાના આરોપમાં પકડી લેવામાં આવ્યા.

# ૫ લોકોનાં ઘટનાસ્થળે જ મોત, નાસભાગ મચી ગઈ; ટક્કર માર્યા બાદ કારમાંથી નોટો પણ ઉડાડી

બીજિંગ,તા.૧૩

ચીનમાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો કોઈ અથડામણ કે વિરોધનો નથી. વીડિયોમાં પૂરપાટ ઝડપે આવેલી કારે લોકોની કચડી નાખતા જોઈ શકાય છે. આ દરમિયાન ૫ લોકોનાં મોત થયાં હતાં અને ૧૩ લોકો ઘાયલ થયા હતા. પોલીસે આ કેસમાં કાર-ડ્રાઈવર ૨૨ વર્ષીય યુવકની ધરપકડ કરી છે.ગ્વાંગઝૂ શહેરમાં ગુરુવારે આ ઘટના બની હતી.

એનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એક કાળા રંગની કાર પૂરપાટ ઝડપે લોકોને કચડી રહી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ અનુસાર, લોકોને કચડી નાખ્યા બાદ ડ્રાઈવર બારીમાંથી નોટો ફેંકતો પણ જોવા મળ્યો હતો.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું- આ ઘટના ગુરુવારે ગ્વાંગઝૂ શહેરમાં બની હતી. અહીં ૨૨ વર્ષના યુવકે પોતાની કાર નીચે લોકોને કચડી નાખ્યા હતા.

# મકરસંક્રાંતિ ની પૂર્વ સંધ્યા એ વડતાલ મંદિર દ્વારા વિદ્યાર્થી ઓ ને પતંગ,ચીક્કી વિતરણ




વડતાલ,

વડતાલ સ્વામિનારાયણ મંદિર દ્વારા ઉત્તરાયણ પર્વની પૂર્વ સંધ્યાએ ગોકુલધામ નાર સ્વામિનારાયણ ગુરુકુળ ના સુકદેવ સ્વામી ના સૌજન્યથી વડતાલની કુમાર અને કન્યાશાળામાં. લક્ષ્મી નારાયણ હાઈ સ્કુલ તથા અન્ય સ્કુલ માં અભ્યાસ કરતા ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પતંગ અને ચિક્કી, બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું:

આ પ્રસંગે મંદિર ના કોઠારી ડો.સંત સ્વામી એ વિદ્યાર્થી ઓ ને ચાઈનીઝ દોરી નો ઉપયોગ ન કરવા શીખ આપી હતી.મકાન પર પતંગ પકડવા ન દોડવા. ત થા વીજ લાઈન થી દુર રહેવા જણાવ્યું હતું. સાથે સાથે સાંજે ધાબા પરથી નીચે આવો ત્યારે દોરી ના ટુકડા લાવી નાશ કરવા જણાવ્યું હતું.

વડતાલ મંદિરના વહિવટી સહયોગી પૂજ્ય મુનિવલ્લભ સ્વામીઃ શ્યામવલ્લભ સ્વામી , મહેન્દ્રભાઈ ટ્રસ્ટીશ્રી, ઘનશ્યામ ભગત ટ્રસ્ટી , ઉપરાંત કેતનભાઈ પટેલ USA અને પ્રિતેશભાઈ પટેલ તથા જીગ્ગુભાઈ પટેલના હસ્તે આ પતંગ વિતરણ થયું હતું:

# ગાંધીનગર ખાતે યોજાયેલ યુવાવિશ્વાસ સંમેલનમા ઉપસ્થિત યુવાનોને કર્ણાટક ખાતેથી પ્રેરણાદાયી ઉદ્બોધન કરતા દેશના વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી




ગાંધીનગરઃ ગુરૂવારઃ

યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર ખાતે યુવા વિશ્વાસ સંમેલનનું કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કર્ણાટક ખાતેથી આરંભ કરવામાં આવેલા ૨૬મા યુથ ફેસ્ટિવલ કાર્યક્રમનું આ પ્રસંગે જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સહિત રાજયના અનેક યુવાનોને કર્ણાટકથી પ્રધાનમંત્રીશ્રીએ યુવા દિવસ નિમિત્તે વર્ચ્યુલ માધ્યમથી પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું.

દેશભરના યુવાનોને સંબોધન કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીને ભારતની સદી બનાવવા આ માટે વર્તમાન સમયથી દશ કદમ આગળનું વિચારવું પડશે. સ્વામી વિવેકાનંદજી કહેતા કે, જો દેશ પાસે યુવાનોની ઉર્જાહોય તો ઉમદા રાષ્ટ્ર નિર્માણ કરવાનું સરળ બને છે. તેમનું સૂત્ર ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી જપો નહિ, તે સૂત્ર દેશના યુવાનો માટે ઉર્જારૂપ સૂત્ર બની ગયું છે.

વડાપ્રધાનશ્રીએ ગૌરવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ભારત યુવા દેશ છે. આપણે યુવા શક્તિ થકી જ સક્ષમ ભારતનું નિર્માણ કરી શકીશું. નારી શક્તિએ રાષ્ટ્રીય શક્તિને જાગૃત રાખવાનું ઉમદા કર્યું છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, આજે ભારત દેશ દુનિયાની પાંચ નંબરની અર્થ વ્યવસ્થા છે. આગામી સમયમાં દેશના ઈકોનોમિ ગ્રોથને વિશ્વમાં ૧ થી ૩ નંબર સુધીમાં લઈ જવાનો છે. આજે દેશ કૃષિક્ષેત્રે વિશ્વમાં અગ્રણી છે. તેની સાથે સ્પોર્ટસમાં ભારતના યુવાનોના સામર્થ્યના કારણે દેશ અગ્રેસર બની રહ્યો છે.

ગાંધીનગરના સિવીલ હોસ્પિટલના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલ સમારંભનો આરંભ કરાવી ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, નેતાગીરીના કોઈ કલાસ હોતા નથી. નેતા એટલે શું ? તેવો પ્રશ્ન યુવાનો સમક્ષ મૂકી તેમણે ઉમેર્યું હતું કે, નેતા હોદ્દાથી નહિ, પણ સમાજની વચ્ચે રહીસમાજના સુખ અને દુઃખના તમામ પ્રશ્નોમાં લીડર બને અને સમાજને દિશા આપવાનું કામ કરે તે સાચો નેતા છે. તેમણે ગુજરાત રાજય સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડના સર્વે યુવાનોને આહ્વાન કર્યું હતું કે, આપણે આપણી શક્તિ સારા કામ માટે વાપરવાની છે. તેમણે યુવાનાને કોઈ વ્યક્તિનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા, પ્રધાનમંત્રી આવાસ યોજના, આરોગ્ય કવચ રૂપ આયુષ્યમાન ભારત કાર્ડજેવી અનેક યોજનાઓના લાભ વંચિતોને આપવાનું ઉમદા કાર્ય કરવું જોઈએ. તેમણે દ્દષ્ટાંત પૂર્વક આ વાત સમજાવી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજય સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડના કોંઓડિનેટર શ્રી કૌશલ દવે સહિત વિવિધ જિલ્લાના બોર્ડના યુવા સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આર. સી. મિશન શાળા વડતાલમાં મકરસંક્રાંતિ પર્વની ભવ્ય ઉજવણી થઈ



વડતાલ,

તા ૧૩ જાન્યુઆરી ૨૦૨૨ શુક્રવાર ના રોજ પ્રાર્થના સમયમાં શાળાના આચાર્યશ્રી અનિકેત ડાભી દ્વારા આજનો પતંગ મહોત્સવ કાર્યક્રમ તમારા માટે યોજાયેલો છે.બધા સાથે મળી ઉત્સવ માં ભાગ લઈએ ત્યારબાદ શાળાના શિક્ષક મિત્ર શ્રી ડૉ શૈલેષ વાણીયા દ્વારા ઉતરાણ પર્વનું મહત્વ સમજાવતા જણાવે છે કે.ઉત્તરાયણ અને સૂર્યની દક્ષિણાયનનું મહત્વ ધાર્મિક ગ્રંથોમાં જોવા મળે છે. સૂર્ય દક્ષિણાયનમાં હોય છે ત્યારે પૂજા, જપ અને તપનું મહત્વ વધી જાય છે. આ સમયમાં પૂજા અને ધ્યાન કરવાથી તમામ વિકારો દૂર થઈ જાય છે.સનાતન ધર્મમાં સૂર્યની ઉત્તરાયણનું વિશેષ મહત્વ છે. હિન્દીકેલેન્ડરમુજબ૧૪જાન્યુઆરીથી ૨૦ જૂન સુધી સૂર્યદેવ ઉત્તરાયણમાં રહે છે. આ દરમિયાન સૂર્યદેવ મકર રાશિથી મિથુન રાશિમાં ભ્રમણ કરે છે.

મકરસંક્રાંતિની બીજી એક કથા એ પણ જાણવા મળે છે કે મકરસંક્રાંતિના દિવસે જ ભીષ્મ પિતામહે મહાભારત કાળમાં પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો. ભીષ્મ પિતામહે પોતાના પ્રાણનું બલિદાન આપતા પહેલા સૂર્ય મકર રાશિમાં પ્રવેશવાની રાહ જોઈ હતી. જે આત્માઓ સૂર્યની ઉત્તરાયણના સમયે શરીર છોડીને સીધા દેવલોકમાં જાય છે. ઘણા બધા ઉદાહરણો દ્વારા ઉત્તરાયણ નું મહત્વ સમજાવ્યું. આચાર્યશ્રી દ્વારા સુંદર ગીત× ઉડે પતંગ રંગ દાર આભમાં× બાળગીત ખવડાવવામાં આવ્યું ગાયકવૃંદ દ્વારા સંગીત ની મઝા માણી. ડોક્ટર શૈલેષ વાણીયા શૈલે પોતાનો વર્ગ ધોરણ ૮ ના વિદ્યાર્થીઓને ચાઈનીઝ દોરી ન વાપરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવી. બે તાસ ના અભ્યાસ બાદ પતંગ બાજી મહોત્સવ શરૂ થયો ૧ થી ૮ ના બાળ મિત્રોએ ભાગલીધો શિક્ષક મિત્રો પોતાના બાળકોની સાથે પતંગ ઉત્સવ માં જોડાયા અતુલ સર, શીલાબેન, રાજેશસર, વિકાસ સર, પ્રિયંકાબેન, જયશ્રીબેન નીતાબેન ને ઉત્સવ નો ખૂબ જ આનંદ માણ્યો કાપ્યો લપેટ ની બૂમો મેદાન ગુંજી ઉઠયું સ્પીકર ના અવાજે આનંદમાં વધારો કર્યો કોરોના બાદ અનોખી ઉજવણી આર. સી.મિશન શાળા વડતાલમાં જોવા મળી વાલી મિત્રો નો સહકાર સૌનો ખૂબ ખૂબ આભાર સાથે છૂટા પડ્યા.

# મહેસાણામાં તોલમાપ વિભાગે કુલ ૪ વેપારીઓને ૧.૧૧ લાખનો દંડ ફટકાર્યો

મહેસાણા,તા.૧૩

મહેસાણાના દોરી – પતંગ બજારમાં તોલમાપ વિભાગના દરોડા પાડવામા આવ્યાં હતાં. જેમા શહેરના સૌથી મોટા દોરી વેચનારા અરિહંત સિઝન સેન્ટર ઉપર તોલમાપ વિભાગની રેડ પાડવામાં આવી હતી. જેમા ચોકાવનારી બાબતો સામે આવી હતી. તોલમાપ વિભાગની તપાસમાં અરિહંત સિઝન સેન્ટરમા વેચાતી બરેલી દોરીની ૯૦૦ મીટર ફિરકીમાં માત્ર ૨૫૪ મીટર જ દોરી નીકળી હતી. છતા પણ વેપારી ગ્રાહક પાસેથી ૯૦૦ મીટર ફિરકીના પૂરા પૈસા વસુલ કરતા હતા અને ફિરકીમાંથી ૬૪૬ મીટર દોરી ઓછી નીકળી હતી. તેમજ દુકાનમાં વેચાતી અન્ય શિવમ સુરતી માંજા ઘર નડિયાદની દોરી ફિરકીમાં પણ એમઆરપી કે અન્ય વિગત છાપેલી જોવા ન મળતા તોલમાપ વિભાગે અરિહંત સિઝન સેન્ટરને ૯૦૦૦૦ દંડ ફટકાર્યો હતો.તેમજ રોડ ઉપર પાટીદાર પતંગ ઘર, નવકાર પતંગ ભંડાર, ચામુંડા પતંગ ભંડારમાં જેવી દુકાનોમા પતંગ નંગને બદલે કોડીમાં વેંચતા હતા.

# જીપેરી-જીટીયુ માં ‘સ્વચ્છતા અભિયાન ઝુંબેશ’ ની શરૂઆત





‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’ ના સૂત્રને સદાય સાર્થક કરતા જીપેરી કેમ્પસ ખાતે ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ પ્રસંગે દેશહિતમાં જીપેરી યુવાઓને કટિબદ્ધ કરવા ‘સ્વચ્છતા અભિયાન ઝુંબેશ’ ની શરૂઆત એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત સરકાર અને જી.ટી.યુ. ના આ સરાહનીય કાર્યને જીપેરી દ્વારા સહર્ષ સ્વીકારાયું હતું. જી.ટી.યુ. દ્વારા તેની સાથે સંલગ્ન તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પર્યાવરણની સુરક્ષા અને જાળવણી ને મહત્વ આપવા માટે દરેક કોલેજ કેમ્પસને આ માટે સૂચના અપાઈ છે. જે મુજબ દર પંદર દિવસે દરેક સંસ્થામાં આ અભિયાન અંતર્ગત સાફ સફાઈ અને પર્યાવરણની જાળવણીના કાર્યક્રમો કરવામાં આવશે. જીપેરી કેમ્પસમાં સ્વચ્છતા તેમજ પર્યાવરણની સુરક્ષા અને જાળવણી ની વ્યવસ્થા સતત કાર્યરત રહે તે માટે સંસ્થાના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ‘હું સ્વચ્છતા રાખીશ અને રખાવડાવીશ’ એવો સંકલ્પ લેવડાવી કેમ્પસ ખાતે સાફ સફાઈ કરવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકર સાહેબે આ કાર્યને ભાવિ પેઢીને સંદેશ આપતું એક મહત્વનુ કાર્ય ગણાવ્યુ હતું. આ અભિયાનના સફળ સંચાલન અને આયોજન માટે નોડલ ઓફિસર શ્રી દિનેશસિંહ રાજપૂત; સલાહકાર ડો. નરહરીપ્રસાદ સાધુ અને એન.એસ.એસ. વિભાગની સમગ્ર ટીમને ને જી.ટી.યુ. માંથી વાઈસ ચાન્સેલર શ્રી પ્રો (ડો.) પંકજરાય પટેલ સાહેબ અને રજીસ્ટ્રાર શ્રી ડો. કે. એન. ખેર સાહેબએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઘર પર, ટેરેસ પર, ઓફિસ પાસે, વિજળીના થાંભલા પર, જાહેર સ્થળોએ લટકતા દોરા પક્ષીઓ માટે ફાંસીના ગાળીયા સમુ કામ કરે છે જે હટાવી લેવા એનીમલ હેલ્પલાઈનની સંવેદનાસભર અપીલ



આવા ગાળીયા હટાવીને ૧ (એક) કિલો પતંગની દોરીના ગુચ્છા જે મિત્રો કરુણા ફાઉન્ડેશન – એનિમલ હેલ્પલાઈન, રાજકોટ ઓફિસે જમા કરાવશે તેને માનદ પુરસ્કાર રૂપે ૧૦૧ રૂપીયા અપાશે.

સમગ્ર રાજયમાં મકર સંક્રાંતિપર્વ ખુબ જ હર્ષોલ્લાસથી ઉજવાય છે અને પારંપારિક રીતે આકાશ આખું ઉડતી પતંગોથી મઢાઈ જાય છે. મકરસંક્રાતિનાં પાવન પર્વ નિમિતે લાખો પતંગો આકાશમાં ઉડતી હોય છે.

લોકો અજાણતાં જ ચાઈનીઝ દોરા/કાચનાં પાકા માંજા, પાયેલાં દોરાનો ઉપયોગ પતંગ ઉડાડવામાં કરી પક્ષીઓનાં જીવનનો અંત લાવવામાં નીમીત બને છે. ઘણા વિસ્તારોમાં વીજળીના તાર પર, ઝાડ પર, અગાસી ઉપર, બિલ્ડીંગો પર, છત પર, ટી.વી. એન્ટેના ટાવર વિ. પર અનેક જગ્યાએ લટકતાં દોરા તેમજ કપાયેલા ફાટેલાં પતંગો જોવા મળે છે જે અબોલ વિહરતાં પક્ષીઓ માટે ફાંસીનાં ગાળીયા સમુ કાર્ય કરે છે. આ ઘેરા તાત્કાલીક હટાવી લેવા સંવેદનાસભર અપીલ અને અબોલ જીવોનાં પ્રાણદાનમાં ઉપયોગી થવા ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલય, નેશનલ એડવાઈઝરી કમિટીના મિતલ ખેતાણી, શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ ભરતભાઈ મહેતા સહિતનાઓએ વિનંતી કરી છે.

આવા ગાળીયા હટાવીને ૧ (એક) કિલો પતંગની દોરીના ગુચ્છા જે મિત્રો કરૂણા ફાઉન્ડેશન-એનિમલ હેલ્પલાઈન, રાજકોટની ઓફિસે જમા કરાવશે તેને માનદ પુરસ્કાર રૂપે ૧૦૧ રૂપીયા અપાશે. ગુચ્છા તા.૧૯/૦૧/૨૦૨૩ ને ગુરૂવારે સવારે ૧૦ થી ૬ દરમ્યાન શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન, ‘જનપથ‘, તપોવન સોસાયટી—૨ નો ખૂણો, અક્ષર માર્ગ, સરાઝા બેકરી પાસે, રાજકોટ ખાતે જમા કરાવવાના રહેશે.




**સેટેલાઈટ વિસ્તારમાં આવેલ શ્રી નારાયણ સેન્ટ્રલ સ્કૂલમાં ઝમ્જીઈ ધોરણ ૯ માં અભ્યાસ કરતા પ્રિન્સ પારસ શાહએ મહાત્મા ગાંધી રાજભાષા હિંદી પ્રચાર સંસ્થા ની પરીક્ષા માં ગોલ્ડ મેડલ મેળવિ શાળા તથા પરિવાર નું ગૌરવ વધારેલ છે.**

# મકરસંક્રાંતિનું મહત્વ






ભારતીય સંસ્કૃતિમાં મકરસંક્રાંતિ આ તહેવાર પરસ્પરના દ્વેષ ભૂલી જઈને પ્રેમભાવ વૃદ્ધિંગત કરવા માટે ઊજવવામાં આવે છે. મકરસંક્રાંતિ ભલે અયન-વાચક તહેવાર હોય, છતાં પણ હિંદુ ધર્મમાં તેને ઘણી રીતે મહત્ત્વ પ્રાપ્ત થયું છે. મકરસંક્રાંતિનું મહત્ત્વ કેટલાંક સૂત્રો દ્વારા સમજી લઈએ.

આ દિવસે પ્રત્યેક જીવ ‘તલસાંકળી લો, મીઠું બોલો’ એમ કહીને આત્મીય બને છે. આ દિવસે અન્યોને તલસાંકળી આપતા પહેલાં ભગવાનને ધરવી. તેના કારણે તલસાંકળીમાં રહેલી શક્તિ અને ચૈતન્ય ટકી રહે છે.

આ દિવસે સૂર્યનું ઉત્તરાયણ ચાલુ થાય છે. આ કાળમાં રજ-સત્ત્વયુક્ત લહેરોનું પ્રમાણ અધિક હોવાથી આ કાળ સાધના કરવા માટે પૂરક હોય છે.

મકરસંક્રાંતિના દિવસે સૂર્યોદયથી માંડીને સૂર્યાસ્ત સુધીનું વાતાવરણ વધારે ચૈતન્યમય હોય છે. સાધના કરનારા જીવને આ ચૈતન્યનો સર્વાધિક લાભ મળે છે. આ દિવસે પ્રત્યેક જીવે વાતાવરણમાંનું રજ-તમ વધારવાને બદલે વધારેમાં વધારે સાત્ત્વિકતા નિર્માણ કરીને તે ચૈતન્યનો લાભ કરી લેવો.

સંક્રાંતને દિવસે તલનો ઉપયોગ કરવાનું મહત્ત્વ

આ પર્વના દિવસે તલને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ દિવસે મહાદેવજીને તલ-ચોખા અર્પણ કરવાનું અથવા તલ-ચોખા મિશ્રિત અર્ઘ્ય અર્પણ કરવાનું વિધાન છે. તેમજ બ્રાહ્મણોને તલદાન આપવું, શિવમંદિરમાં તલના તેલના દીવા પ્રગટાવવા, પિતૃશ્રાદ્ધ કરવું (આમાં તિલાંજલિ આપે છે) એનું પણ આ દિવસે મહત્ત્વ છે. શ્રાદ્ધમાં તલનો ઉપયોગ કરવાથી અસુર ઈત્યાદિ શ્રાદ્ધમાં વિઘ્ન લાવતા નથી.

તલનું ઉટવણું, તલમિશ્રિત પાણીથી સ્નાન, તલમિશ્રિત પાણી પીવું, તલનો હવન કરવો, રસોઈમાં તલનો ઉપયોગ કરવો, તેમજ તલનું દાન આ બધા જ પાપનાશક પ્રયોગો છે; તેથી આ દિવસે તલ, ગોળ, તેમજ સાકરમિશ્રિત લાડુ આરોગવાનું, તેમજ દાન દેવાનું અપાર મહત્ત્વ છે. આયુર્વેદ અનુસાર ઠંડીના દિવસોમાં આવનારી સંક્રાંતિને દિવસે તલ આરોગવા લાભદાયક ઠરે છે.

જીવન ભણી સાક્ષીભાવ રાખીને જોવાનું શીખવનારો સૂર્યદેવનો ઉત્સવ

પૃથ્વી સૂર્યની પાસે અને સૂર્યથી દૂર જવાની ક્રિયાનું જાણે સૂર્ય પર કાંઈ જ પરિણામ થતું નથી, તેવી જ રીતે માનવીએ તેના જીવન દરમ્યાન આવનારા ચઢઉતાર ભણી, સુખદુઃખો ભણી, સમત્વ દૃષ્ટિએ, સાક્ષીભાવથી જોવું જોઈએ, એવો સંદેશ જાણે કેમ સંક્રાંતિના ઉત્સવ દ્વારા માનવને મળતો ન હોય !’

તહેવારો, વ્રતવૈકલ્યો અને ધાર્મિક કૃતિઓ

એટલે, હિંદુધર્મએ ઈશ્વરપ્રાપ્તિ માટે આપેલી અણમોલ લહાણી !

જીવનમાંના દુઃખો દૂર કરીને સતત સુખની શોધમાં ભમનારા મનુષ્યજીવને સાચું સુખ (આનંદ) એ કેવળ ધર્માચરણ દ્વારા જ મળે છે. દૈનંદિન પ્રંપચની જંજાળમાં વ્યસ્ત રહેનારા તમારા-મારા જેવા સંસારીઓ માટે ધર્માચરણની થોડીઘણી સંધિ ઉપલબ્ધ થાય છે, તે વિવિધ તહેવારો, ઉત્સવ, વ્રત, તેમજ નમસ્કાર, આરતી જેવી ધાર્મિક કૃતિઓના સ્વરૂપે જ. આ ધાર્મિક બાબતો ભક્તિભાવ વધારનારી, સાત્ત્વિકતા પ્રદાન કરનારી, સદગુણોની વૃદ્ધિ કરનારી અને કામનાઓની પૂર્તિ કરનારી છે. એ સિવાય આ ધાર્મિક બાબતોની મહત્ત્વની વિશિષ્ટતા એટલે, ઈશ્વરપ્રાપ્તિ કરી આપનારા યશોમંદિરના તેઓ સહેલાં સોપાન છે.

દશેરાને દિવસે વિદ્યાર્થીઓ પુસ્તકોનું પૂજન કરે છે, લક્ષ્મીપૂજનને દિવસે વેપારીઓ ત્રાજવું અને ચોપડા પૂજન કરે છે, આના જેવી કૃતિઓ પાછળનો હેતુ એ જ છે કે, સંબંધિત વસ્તુઓમાં ઈશ્વરનું રૂપ નિહાળવું, એટલે જ કે, ઈશ્વર સાથે એકરૂપતા સાધ્ય કરવાનો પ્રયત્ન કરવો. તહેવારો, વ્રત ઈત્યાદિને કારણે ઈશ્વરને જાણી લેવા, આ બાબત સર્વસામાન્ય માણસોને પણ સહેજે શક્ય બને છે.

એટલા માટે જ હિંદુઓ, આપણાં તહેવારો, વ્રત, ધાર્મિક કૃતિઓ ઈત્યાદિ તરફ ‘કેવળ વિશિષ્ટ ફળપ્રાપ્તિ થવા માટે કરવાનું કર્મ’ એવો સંકુચિત દૃષ્ટિકોણ રાખવાને બદલે, હિંદુ ધર્મએ ઈશ્વરપ્રાપ્તિ કરી લેવા માટે આપેલી તે એક અમૂલ્ય એવી સોનેરી તક છે, એમ સમજો !

સંદર્ભ : સનાતન સંસ્થા નિર્મિત ગ્રંથ – તહેવાર, ધાર્મિક ઉત્સવ અને વ્રત

સંપર્ક : ૯૯૧૩૦૬૨૦૧૪

# પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતે આવેલ મજૂર અદાલત દ્વારા સહાયક વેચાણવેરા કમિશનર ગોધરા તથા વિભાગીય નિયામક એસ.ટી ગોધરા દ્વારા છુટા કરેલ બે કર્મીઓને લાંબા સમય બાદ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો આખરી આદેશ પરિવારમાં આનંદ ભયો

ગોધરા

પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતે આવેલ સહાયક વેચાણવેરા કમિશનર ની કચેરીમાં પાણીવાળા કમ પટાવાળા તરીકે તારીખ ૩/૧૦/૯૭ થી ફરજ બજાવતા રમેશભાઈ પારસીંગભાઇ બામણીયા ને સંસ્થાએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય તારીખ ૨૮/૩/૦૬ ના રોજ તેમની લાંબા સમયની નોકરીમાંથી છૂટા કરી દીધેલ તેમજ વિભાગીય નિયામક એસ.ટી વિભાગ ભુરાવાવ ગોધરા ખાતેની કચેરીમાં હેલ્પર કમ ઓપરેટર તરીકે તારીખ ૩/૧/૦૮ થી ફરજ બજાવતા મહંમદ યાસીન અબ્દુલ હીરાને સંસ્થા દ્વારા કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય તારીખ ૩/૧/૧૪ થી તેમની નોકરી માંથી છૂટા કરી દીધેલ જે બાબતે બંને કામદારોએ ગુજરાત સ્ટેટ લેબરના પ્રમુખ એ.એસ ભોઈ તેમજ પેનલ એડવોકેટ સીતેશ એ ભોઈ તેમજ વૈભવ ભોઈ નો સંપર્ક કરી તેમને થયેલ અન્યાય બાબતે રજૂઆતો કરતા ફેડરેશન દ્વારા બંને સંસ્થા અધિકારીઓને ઔદ્યોગિક તકરાર અધિનિયમ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ બંને કામદારોને પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા બાબતે મદદનીશ મજુર કમિશનર ગોધરા સમક્ષ વિવાદઉપસ્થિત કરેલ પરંતુ તે બાબતે બંને પક્ષકારો વચ્ચેકોઈ સુખદ સમાધાન ન થતા આ કામ નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ રેફરન્સ કરવામાં આવે તે બંને કેસો મજુર અદાલત ગોધરા સમક્ષ ચાલી જતા કેસમાં પડેલા પુરાવા અને ફેડરેશનના એડવોકેટો દ્વારા કોર્ટ સમક્ષ દલીલો કરવામાં આવતા નામદાર મજૂર અદાલત ગોધરાના વિદ્વાન ન્યાયાધીશ હિતેશકુમાર એમ મકા સાહેબ દ્વારા બંને કામદારોને આઈડી એટલી કલમ ૨૫ એચ અને ૨૫ એફ નો ભંગ કરી નોકરી માંથી છુટા કરવામાં આવેલ હોય તેમ જાહેર કરી સંસ્થાનું છુટા કરવાનું પગલું ગેર વ્યાજબી અને ગેર કાનૂની હોવાનું જાહેર કરી બંને કામદારોને તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો તથા વીવાદી ખર્ચ પેટે પ્રત્યેક કામદારને રૂપિયા ૫૦૦૦ ચૂકવવાનો આદેશ ફરમાવતા કામદારોના પરિવાર ને લાંબા સમય બાદ મળેલ ન્યાયથી સમસ્ત બે ગરીબ પરિવારો આનંદભોર થવા પામેલ છે.

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન

પ્રમુખ એ એસ ભોઈ

કાલોલ પંચ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK